સોમવાર, 2 ફેબ્રુઆરી, 2026 મહા વદ એકમ

“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## બજેટ ૨૦૨૬: ઉદ્યોગપતિઓને લોટરી, પરંતુ મધ્યમ વર્ગના નસીબમાં માત્ર મોંઘવારી અને નિરાશા

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રવિવારે રજૂ કરેલા બજેટ ૨૦૨૬ માં આંકડાઓની એવી ફેંકમફેંક કરી છે કે સામાન્ય માણસ ચક્કર ખાઈ જાય. વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (VCCI) ના હોદ્દેદારો ભલે સરકારના ગુણગાન ગાતા થાકતા નથી, પણ વાસ્તવમાં આ બજેટ મધ્યમ અને ગરીબ વર્ગની આશાઓ પર ફરી વળેલું પાણી છે. VCCI ના વાઇસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલે બજેટને 'કર્તવ્ય ભાવ' સાથે સરખાવ્યું, પણ શું સામાન્ય નાગરિકના ટેક્સના પૈસાનો સદુપયોગ તેનું કર્તવ્ય નથી? MSME માટે ૧૦ હજાર કરોડ અને નાના ઉદ્યોગો માટે ૨ હજાર કરોડની જાહેરાત તો કરી દેવાઈ છે, પણ શું બેંકો પાસેથી લોન લેવાની જટિલ પ્રક્રિયામાં કોઈ ફેરફાર થયો છે? નાના શહેરોના વિકાસ માટે ૫ વર્ષમાં ૫ હજાર કરોડની ફાળવણી ઊંટના મોઢામાં જીરું સમાન છે. જે વડોદરા જેવા શહેરો સતત ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સમસ્યાઓથી ઝઝૂમી રહ્યા છે, ત્યાં આટલી નજીવી રકમ શું કામ લાગશે? બજેટનું સૌથી મોટું આકર્ષણ બાયોફાર્મા અને સેમીકન્ડક્ટર છે. આ તે ક્ષેત્રો છે જ્યાં માત્ર મોટા ઉદ્યોગપતિઓનું જ વર્ચસ્વ છે. જ્યારે સામાન્ય માણસની સૌથી મોટી ચિંતા ઇનકમ ટેક્સની હતી, ત્યારે સરકારે લોલીપોપ આપી છે કે તેઓ આવક વધારવા પર ધ્યાન આપી રહ્યા છે. ટેક્સની લિમિટ ન વધારવી એ સીધી રીતે જ મધ્યમ વર્ગના ખિસ્સા પર તરાપ મારવા સમાન છે.

યુવાઓના નામે AI અને સ્પોર્ટ્સને પ્રમોટ કરવાની વાતો તો સુંદર લાગે છે, પણ શું આનાથી બેરોજગારી દૂર થશે? યુવા ખુશી શાહે આ બજેટને મધ્યમ સ્તરનું ગણાવ્યું છે, જે સ્પષ્ટ કરે છે કે યુવા પેઢીમાં કોઈ ખાસ ઉત્સાહ નથી. સ્ત્રીઓ માટે ૧૫,૦૦૦ ગર્લ્સ હોસ્ટેલની યોજના પણ વહીવટી તંત્રની ગતિ જોતા સ્વપ્ન જેવી લાગે છે. સરકાર 'સિંગલ વિન્ડો સિસ્ટમ' ના સપના બતાવે છે, પણ વાસ્તવમાં વેપારીઓએ આજે પણ અનેક ઓફિસોના ધક્કા ખાવા પડે છે. દૈનિક પલ્સ સમાચાર પૂછે છે—ક્યાં સુધી જનતાને આંકડાઓની જાળમાં ફસાવીને આર્થિક મજબૂતીનું નાટક ચાલશે? શું ઉદ્યોગપતિઓના સંગઠનો જનતાના સાચા અવાજને દબાવવાનું કામ કરી રહ્યા છે? આ બજેટ આત્મનિર્ભર ભારત માટે છે કે પછી કોર્પોરેટ મિત્રોને નિર્ભર બનાવવા માટે?





**કેન્દ્રીય બજેટ ૨૦૨૬ રજૂ થતા જ વડોદરાના ઉદ્યોગપતિઓએ તેને આવકાર્યું છે, પરંતુ સામાન્ય નાગરિકના ખિસ્સા પરનો બોજ યથાવત છે. VCCI ના વાઇસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલે MSME માટે ૧૦ હજાર કરોડના ફંડને વધાવ્યું છે, પરંતુ ટેક્સ લિમિટમાં કોઈ ફેરફાર ન કરી સરકારે નોકરિયાત વર્ગને નિરાશ કર્યો છે. આ બજેટમાં સેમીકન્ડક્ટર અને બાયોફાર્મા પર ભાર મૂકાયો છે, પણ પાયાની જરૂરિયાતો અને વધતી જતી કિંમતો પર કાબૂ મેળવવાની કોઈ નક્કર યોજના દેખાતી નથી. શું આ બજેટ માત્ર ઉદ્યોગપતિઓનું છે?**

## ગુજરાત હવામાન: નલિયા 12 ડિગ્રી સાથે સૌથી ઠંડું, ઠંડી સ્થિર

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં શિયાળાની મોસમ હવે મધ્યમ તબક્કામાં પહોંચી છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના તાપમાનમાં કોઈ વિશિષ્ટ ફેરફાર જોવા મળ્યો નથી, જે સૂચવે છે કે આગામી દિવસોમાં ઠંડીનું જોર યથાવત રહેશે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી સાત દિવસ સુધી રાજ્યમાં હવામાન શુષ્ક રહેશે અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ઉતાર-ચઢાવ આવવાની સંભાવના નથી. કચ્છનું નલિયા હંમેશની જેમ 12 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું સ્થળ સાબિત થયું છે.

હાલમાં મધ્ય મહારાષ્ટ્રથી દક્ષિણ હરિયાણા સુધી એક ટ્રફ સિસ્ટમ સમુદ્ર સપાટીથી 0.9 કિમીની ઊંચાઈ પર સક્રિય છે. આ સિસ્ટમને કારણે ગુજરાતના વાતાવરણમાં થોડો ફેરફાર આવી શકે છે અને કેટલાક સ્થળોએ વાદળછાયું આકાશ જોવા મળી શકે છે. બીજી તરફ, ઉત્તર પાકિસ્તાન પર સર્જાયેલું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ગુજરાતના હવામાન પર કોઈ પ્રભાવ પાડી શકશે નહીં. લઘુત્તમ તાપમાનના આંકડા જોઈએ તો, ગાંધીનગર (18.6), અમદાવાદ (19.4), વડોદરા (19.6) અને સુરત (20.2) માં તાપમાન સામાન્ય રેન્જમાં રહ્યું છે. સૌરાષ્ટ્રના રાજકોટમાં 15.9 ડિગ્રી અને અમરેલીમાં 16.2 ડિગ્રી તાપમાન સાથે ઠંડક અનુભવાઈ રહી છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પવનો 15 થી 20 નોટની ઝડપે ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને સાવચેત રહેવા સૂચના અપાઈ છે, પરંતુ કોઈ જોખમી ચેતવણી જાહેર કરાઈ નથી. દક્ષિણ ગુજરાતના દમણમાં તાપમાન 21.2 ડિગ્રી નોંધાયું છે, જે રાજ્યમાં સૌથી વધુ લઘુત્તમ તાપમાન પૈકીનું એક છે. એકંદરે, ગુજરાતમાં આગામી એક અઠવાડિયા સુધી કડકડાતી ઠંડી પડવાની શક્યતા ઓછી છે અને વાતાવરણ ખુશનુમા જળવાઈ રહેશે.



## હનુરામમાં વંદો નીકળતા બાળકી બીમાર, તંત્રની રહેમનજર હેઠળ મોતનો વેપાર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ફૂડ સેફ્ટી વિભાગની લાલિયાવાડી અને હનુરામ સ્વીટ્સની બેરહેમ બેદરકારીનો ભોગ એક માસૂમ બાળકી બની છે. હનુરામના ભોજનમાંથી વંદો નીકળતા આ નાની બાળકીની તબિયત લથડી છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં રોષ ફાટી નીકળ્યો છે. આ કોઈ પહેલી ઘટના નથી; હનુરામના અનેક ખાદ્ય પદાર્થોના સેમ્પલ ભૂતકાળમાં ફેઈલ થઈ ચૂક્યા છે, છતાં આ મસમોટી બ્રાન્ડ કોઈ પણ રોકટોક વગર લોકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરી રહી છે. કોની કૃપાથી આ મોતનો વેપાર ચાલી રહ્યો છે? તંત્ર હંમેશા નાના વેપારીઓ પર તવાઈ બોલાવવામાં શૂરવીર બને છે. ક્યારેક દબાણ હટાવવાના નામે તો ક્યારેક સામાન્ય સ્વચ્છતાના મુદ્દે ગરીબ લારીવાળાઓને હેરાન કરાય છે, પરંતુ હનુરામ જેવી મોટી બ્રાન્ડ સામે કેમ ભેદી મૌન સેવવામાં આવે છે? શું કાયદાની કલમો મોટી બ્રાન્ડના એસી કેબિનોમાં પહોંચતા જ ઠંડી પડી જાય છે? જનતાના ટેક્સના પૈસાથી પગાર લેતા અધિકારીઓ શું આ બ્રાન્ડના પેરોલ પર છે? આરોગ્ય વિભાગની આ ઊંઘ ઉડશે ખરી? શું વહીવટી તંત્ર હનુરામ સ્વીટ્સને સીલ કરવાની અને તેના માલિકો સામે ફોજદારી ગુનો નોંધવાની હિંમત બતાવશે? જો એક બાળકીની જિંદગી જોખમમાં મુકાઈ હોય અને તેના પુરાવા રૂપે ભોજનમાં વંદો દેખાતો હોય, તો પણ જો કાર્યવાહી ન થાય તો સમજી લેવું કે આખું તંત્ર ભ્રષ્ટાચારમાં ગરકાવ છે. 'દૈનિક પલ્સ સમાચાર' આ અન્યાય સામે અવાજ ઉઠાવતું રહેશે. પ્રજા હવે જાગૃત છે અને આવા 'મોટા નામે ખોટા દર્શન' કરાવતા વેપારીઓને પાઠ ભણાવવા માંગે છે. શું તંત્ર આ વખતે જનતાના પક્ષે ઉભું રહેશે કે ફરી એકવાર 'સેટિંગ'ના ખેલમાં સત્ય દબાઈ જશે?

**આરોગ્ય વિભાગની ઘોર નિદ્રા વચ્ચે હનુરામ સ્વીટ્સમાં ગંભીર બેદરકારી સામે આવી છે. ભોજનમાં વંદો નીકળતા એક બાળકીની તબિયત લથડી છે. નવાઈની વાત તો એ છે કે હનુરામના અનેક ફૂડ સેમ્પલ અગાઉ પણ નેગેટિવ આવ્યા છે, છતાં તંત્રના આશીર્વાદથી આ 'ઝેર' પીરસતી દુકાન ધમધમી રહી છે. શું ફૂડ સેફ્ટીના કાયદા માત્ર નાની લારીઓ માટે જ છે? મોટી બ્રાન્ડ સામે લાલ આંખ કરવાની હિંમત તંત્ર ક્યારે બતાવશે કે પછી કોઈ મોટી હોનારતની રાહ જોવાઈ રહી છે?**

## વડોદરા પશ્ચિમ વિભાગની 31 પોસ્ટ ઓર્ફિસમાં આધાર સેવા કેન્દ્રો કાયરત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા પશ્ચિમ વિભાગના ટપાલ વિભાગે નાગરિકો માટે એક રાહતના સમાચાર આપતા 31 પોસ્ટ ઓફિસોમાં આધાર સેવા કેન્દ્રોને સક્રિય કર્યા છે. આ વ્યવસ્થા હેઠળ નાગરિકો હવે વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલી પોસ્ટ ઓફિસોમાં જઈને આધાર કાર્ડને લગતી તમામ કામગીરી કરાવી શકશે. ટપાલ વિભાગે ભારપૂર્વક જણાવ્યું છે કે, નવા આધાર કાર્ડની નોંધણી કરાવવી હોય કે નાના બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટની પ્રક્રિયા હોય, આ સેવાઓ પોસ્ટ ઓફિસમાં સંપૂર્ણપણે નિ:શુલ્ક એટલે કે મફત છે. જોકે, સરનામું બદલવા કે અન્ય સુધારા માટે યુઆઈડીએઆઈ (UIDAI) દ્વારા નિર્ધારિત સામાન્ય ફી ચૂકવવાની રહેશે.

ટપાલ વિભાગના જણાવ્યા અનુસાર, આધાર કાર્ડની વિશ્વસનીયતા જાળવી રાખવા માટે જીવન દરમિયાન ત્રણ મહત્વના તબક્કે બાયોમેટ્રિક અપડેટ કરાવવું કાયદેસર રીતે જરૂરી છે. પ્રથમ તબક્કો જન્મથી 5 વર્ષની ઉંમર સુધીનો છે જ્યારે નવું આધાર નંબર




ઇશ્યૂ કરવામાં આવે છે. બીજો તબક્કો 5 વર્ષની ઉંમર પછીનો છે, જેમાં બાળકની શારીરિક ઓળખ બદલાતી હોવાથી બાયોમેટ્રિક ડેટા અપડેટ કરવા પડે છે. અને અંતે, 15 વર્ષની ઉંમર પૂર્ણ થયા પછી પુખ્ત વયના બાયોમેટ્રિક અપડેટ કરાવવા અનિવાર્ય છે. આ પ્રક્રિયાઓ માટે આધાર ધારકે રૂબરૂ હાજર રહેવું અનિવાર્ય છે કારણ કે તેમાં આધુનિક મશીનો દ્વારા ફિંગરપ્રિન્ટ્સ અને આંખની કીકીના સ્કેન લેવામાં આવે છે.

આ સુવિધા શરૂ થવાથી વડોદરાના રહીશોને હવે આધાર કાર્ડ માટે ખાસ કેન્દ્રો કે બેંકોના ધક્કા ખાવા પડશે નહીં. ઘરની નજીક આવેલી પોસ્ટ ઓફિસમાં જ સુરક્ષિત અને અધિકૃત રીતે આ સેવા મળી રહેશે. ટપાલ વિભાગની આ કામગીરીથી ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોના લોકોમાં ખુશી જોવા મળી રહી છે. નાગરિકોએ આ સેવાનો વધુમાં વધુ લાભ લેવા અને પોતાના આધાર કાર્ડને સમયસર અપડેટ રાખવા માટે અપીલ કરવામાં આવી છે.

## વડોદરા NH-48 પર લક્ઝરી બસનો અકસ્માત, ડ્રાઈવરનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** નેશનલ હાઇવે 48 પર મોતનું તાંડવ ફરી એકવાર બેકાબૂ બન્યું છે. કરજણના બામણગામ પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતે હાઈવે પરની સુરક્ષાના ધજાગરા ઉડાડી દીધા છે. અમરેલીથી સુરત જઈ રહેલી લક્ઝરી બસના ડ્રાઇવરે પોતાની અને મુસાફરોની જિંદગીને દાવ પર લગાવી દીધી હતી. ફોન પર વાત કરવાની લતમાં ચૂર ડ્રાઇવરે આગળ જતી ટ્રકમાં બસ ઘુસાડી દેતા પોતાનો જીવ ગુમાવ્યો છે, પરંતુ સાથે ૨૦થી વધુ મુસાફરોને મોતના મુખમાં ધકેલી દીધા છે.

અકસ્માત એટલો જોરદાર હતો કે બસનો આગળનો ભાગ લોખંડના કાટમાળમાં ફેરવાઈ ગયો હતો. કરજણ ફાયર વિભાગે રેમજેક મશીન અને કટરની મદદથી બસના પતરાં કાપીને ડ્રાઇવરના મૃતદેહને બહાર કાઢવો પડ્યો હતો. સૌથી ગંભીર બાબત એ છે કે ઈજાગ્રસ્ત વરરાજા પ્રિન્સ સોમણિયાના જણાવ્યા મુજબ, ડ્રાઈવર રફ ડ્રાઇવિંગ કરતો હતો અને મુસાફરોની ચેતવણીને અવગણી રહ્યો હતો. શું બસ સંચાલકો માત્ર ટિકિટના પૈસા ગણવામાં જ વ્યસ્ત છે? ડ્રાઇવરોની આવી મનમાની સામે કેમ કોઈ એક્શન લેવાતા નથી? ગઈકાલે જ ધાવટ બ્રિજ પાસે અકસ્માત થયો હતો અને આજે ફરી બામણગામ પાસે લોહી વહ્યું છે. બે દિવસમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે, છતાં નેશનલ હાઈવે ઓથોરિટીના પેટનું પાણી હલતું નથી. હાઈવે પર સ્પીડ લિમિટ કે ડ્રાઈવરની ફિટનેસ ચેક કરનાર કોઈ નથી. પોલીસ માત્ર અકસ્માત થયા પછી ટ્રાફિક ક્લિયર કરવામાં વ્યસ્ત રહે છે. જ્યાં સુધી આવા નફફટ ચાલકો અને બેદરકાર બસ માલિકો સામે કડક કાયદાકીય શિસ્ત નહીં લદાય, ત્યાં સુધી NH-48 પર નિર્દોષોના બલિદાન અટકશે નહીં. દૈનિક પલ્સ સમાચાર સવાલ પૂછે છે—શું હવે હાઈવે પર મુસાફરી કરવી એટલે મોતની ગેરંટી?




સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# સરકારી બાબુઓને અભયદાન? હવે અધિકારી સામે સીધી FIR નહીં

## ગૃહ વિભાગનો ફતવો: સરકારી કર્મચારી સામે સીધી FIR નહીં

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારના ગૃહ વિભાગનો નવો પરિપત્ર એટલે 'ભ્રષ્ટાચારી બાબુઓ માટેનું અભયદાન'. રાજ્ય સરકારે જાહેરાત કરી છે કે હવે સરકારી કર્મચારીઓ સામે સીધી પોલીસ ફરિયાદ એટલે કે FIR નોંધી શકાશે નહીં. કોઈ પણ ફરિયાદની પહેલા પ્રાથમિક તપાસ કરવી અનિવાર્ય રહેશે. સરકારનો તર્ક છે કે અધિકારીઓને બ્લેકમેઈલિંગથી બચાવવા આ જરૂરી છે, પરંતુ સત્ય કંઈક અલગ જ હોવાની ગંધ આવી રહી છે. શું આ કાયદો એટલે નથી લવાયો કે કૌભાંડી બાબુઓ આરામથી ઊંઘી શકે?

કરોડોના કૌભાંડોમાં સંડોવાયેલા અધિકારીઓ જ્યારે ફસાય છે, ત્યારે તપાસના નામે તેમને મસમોટી રાહત આપવાની આ એક નવી ચાલ છે. એક તરફ હર્ષ સંઘવી સરકારી બાબુઓ પર મહેરબાન થઈ રહ્યા છે, તો બીજી તરફ સામાન્ય જનતા પોતાની નાની એવી ફરિયાદ માટે પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈ રહી છે. સવાલ એ થાય છે કે શું ચૂંટાયેલા પ્રતિનિધિઓ જનતાના અવાજને સાંભળવાને બદલે એસી ચેમ્બરમાં બેઠેલા સાહેબોના ગુલામ બની ગયા છે? પ્રાથમિક તપાસ કોણ કરશે? એ જ વિભાગના બીજા અધિકારી? શું કાગડા ક્યારેય કાગડાની આંખ ફોડશે? આ લોજીક જ જનતાના ગળે ઉતરતું નથી. જ્યારે કોઈ સામાન્ય માણસ સામે ફરિયાદ થાય ત્યારે તેને તરત જેલભેગો કરાય છે, પણ બાબુઓ માટે 'સ્પેશિયલ પ્રોટોકોલ' કેમ? શું લોકશાહીનો અર્થ માત્ર ચૂંટણી જીતવા પૂરતો જ છે? જનતાને સવલતોના નામે માત્ર આશ્વાસનો અને લોલીપોપ જ મળી રહી છે. જો આ જ રીતે અધિકારીઓને રક્ષણ મળતું રહેશે, તો ભ્રષ્ટાચાર નાબૂદ થવાને બદલે વધુ ફૂલશે-ફાલશે. શું સરકાર આ બાબતે પ્રજાના રોષને સમજીને નિર્ણય બદલશે કે પછી 'લોકશાહી'ના નામે માત્ર શાસન જ ચાલશે? દૈનિક પલ્સ સમાચાર પૂછે છે—તંત્ર કોનું છે, જનતાનું કે બાબુઓનું?

**સરકારી બાબુઓને હવે ભ્રષ્ટાચારની ખુલ્લી છૂટ? ગૃહ વિભાગના નવા પરિપત્ર મુજબ અધિકારીઓ સામે હવે સીધી પોલીસ ફરિયાદ નહીં થાય. 'પ્રાથમિક તપાસ'ના બહાને ભ્રષ્ટાચારીઓને બચાવવાનું આ સુવ્યવસ્થિત કાવતરું તો નથી ને? સામાન્ય જનતા માટે ન્યાય ક્યાં?**

# વડોદરા મેરેથોન: ૧ લાખ દોડવીરો અને વર્લ્ડ રેકોર્ડની સિદ્ધિ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ઇન્ટરનેશનલ મેરેથોનની ૧૩મી આવૃત્તિ આજે વહેલી સવારે અદભૂત ઉર્જા સાથે સંપન્ન થઈ. શહેરના રસ્તાઓ દોડવીરોથી છલકાઈ ગયા હતા, જેમાં બાળકો, વૃદ્ધો, દિવ્યાંગો અને જવાનો સહિત કુલ ૧ લાખ લોકોએ ભાગ લીધો હતો. ૪૨ કિમી, ૨૧ કિમી અને ૧૦ કિમીની ટાઈમ્ડ રન ઉપરાંત હેરિટેજ ફન રન અને એનજીઓ પ્લેજ રન જેવી ૭ શ્રેણીઓ રાખવામાં આવી હતી. મહારાણી રાધિકારાજે ગાયકવાડ પણ ૮૦૦ જેટલા દોડવીરો સાથે આ મેરેથોનમાં જોડાયા હતા. આયોજક તેજલ અમીને ગર્વ સાથે જણાવ્યું કે, આ વર્ષે વડોદરા મ્યુનિસિપલ કમિશનરના 'વ્યસન મુક્તિ' અભિયાન હેઠળ લંડનના વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે. મેરેથોન દરમિયાન આધુનિક રિધમ સાથેના ભજન અને સંસ્કૃત શ્લોકોએ દોડવીરોમાં ઉત્સાહ વધાર્યો હતો. આ દોડ શહેરના ૧૫ હેરિટેજ સ્થળો જેવા કે ન્યાયમંદિર અને હજીરા પાસેથી પસાર થઈ હતી. પ્રેરણા પૂરી પાડતા ૬૧ વર્ષીય દિવ્યાંગ રનર ભારતીબેન શાહે જણાવ્યું કે તેમના માટે નંબર કરતા ફિટનેસ વધુ મહત્વની છે. ડભોઈના ૬૦ વર્ષીય ખેડૂત કમલેશ પટેલે પણ પ્રથમ વખત ભાગ લઈ મેડલ જીત્યો હતો. જોકે, વ્યસ્તતાને કારણે ગૃહમંત્રી હર્ષ સંઘવી ફ્લેગ-ઓફમાં હાજર રહી શક્યા ન હતા. આ મેરેથોન માત્ર રમતગમત નહીં, પરંતુ સ્વચ્છતા, સસ્ટેનેબિલિટી અને ભારતીય સંસ્કૃતિનો અનોખો સંગમ સાબિત થઈ છે.




# પાલીયાદ: વિસામણબાપુની જગ્યાએ વડતાલ ગાદીના હરિભક્તો પધાર્યા

**દૈનિક પલ્સ સમાચાર:** પાલીયાદ સ્થિત પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં શ્રી સ્વામિનારાયણ વડતાલ ગાદી સંપ્રદાયના હરિભક્તોનો સમૂહ દર્શનાર્થે પધાર્યો હતો. પૂજ્ય લાલજી મહારાજની પ્રેરણાથી યોજાયેલી આ મુલાકાતમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓ જેવા કે પંચમહાલ, વડોદરા, રાજકોટ અને બોટાદના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. હરિભક્તોએ વિસામણબાપુની સમાધિ પર શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા અને રામચંદ્ર ભગવાનના દર્શન કર્યા હતા. આ ઉપરાંત તેમણે જગ્યાની ગૌશાળા, અશ્વશાળા અને પ્રખ્યાત વિન્ટેજ કાર કલેક્શનની પણ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન હરિભક્તોએ મહા મંડલેશ્વર નિર્મળાબાના આશીર્વાદ લીધા હતા અને પૂજ્ય ભયલુબાપુ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ અવસરે પૂજ્ય બાપુએ તમામ હરિભક્તોનું ઉષ્માભર્યું સ્વાગત કરી તેમને સ્મૃતિચિહ્ન અને રામનામી અર્પણ કરી સન્માનિત કર્યા હતા. હરિભક્તોએ જગ્યામાં ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને વ્યવસ્થાપનની ભારે પ્રશંસા કરી હતી. ખાસ કરીને જગ્યામાં જોવા મળતી શિસ્ત અને સ્વચ્છતાએ હરિભક્તોના મન મોહી લીધા હતા. અંતમાં ભોજન પ્રસાદ ગ્રહણ કર્યા બાદ હરિભક્તોએ આ મુલાકાતને અત્યંત સંતોષકારક ગણાવી હતી. આ પ્રસંગે ગોધરાના ગોપાલભાઈ પટેલ, નીતિનભાઈ પટેલ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. **રિપોર્ટ : કનુભાઈ ખાચર**



**શ્રી સ્વામિનારાયણ વડતાલ ગાદી સંપ્રદાયના વિવિધ પ્રદેશોના હરિભક્તોએ પૂજ્ય વિસામણબાપુની જગ્યાના દર્શન કર્યા હતા. હરિભક્તોએ નિર્મળાબાના આશીર્વાદ લીધા અને ભયલુબાપુ સાથે મુલાકાત કરી હતી. પૂજ્ય બાપુ દ્વારા તમામ મહેમાનોનું સ્મૃતિચિહ્ન અને રામનામી આપી સન્માન કરવામાં આવ્યું હતું.**

# SSVP સ્કૂલ દ્વારા શ્યામલ કાઉન્ટીમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** વિદ્યાર્થીઓમાં રહેલી કલાત્મક પ્રતિભાને મંચ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે SSVP સ્કૂલ–અમોદર દ્વારા વાઘોડિયા રોડ પર સ્થિત શ્યામલ કાઉન્ટીમાં એક સુંદર ચિત્ર સ્પર્ધા યોજાઈ ગઈ. આ કાર્યક્રમ સોસાયટીના પ્રમુખ શૈલેષભાઈ શાહ અને શ્યામલ કાઉન્ટીના સભ્યોના માર્ગદર્શન અને અમૂલ્ય સહયોગથી સંપન્ન થયો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈને વિવિધ વિષયો પર આકર્ષક ચિત્રો તૈયાર કર્યા હતા.

ઇનામ વિતરણ સમારોહમાં સોસાયટીના પ્રમુખ સાથે શાળાના મેનેજમેન્ટ સભ્યો કૃણાલ શાહ, કુંતલ શાહ અને પ્રતિક ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટીઓ શ્રીમતી લતા જયસ્વાલ અને શ્રીમતી ડિમ્પલ ઠક્કર તેમજ પ્રિન્સિપાલ જ્યોતિ શિંદેએ વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવ્યો હતો. આવા આયોજનો શાળા અને સમાજ વચ્ચેના સંબંધોને મજબૂત બનાવે છે અને બાળકોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય છે. શાળા પરિવારે આ સફળ આયોજન બદલ શ્યામલ કાઉન્ટીના મેનેજમેન્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



## માંજલપુરમાં જીવામામાની ભવ્ય પાલખી યાત્રા અને મહાભંડારો યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના માંજલપુર વિસ્તારમાં ગજાનન હાઈટ્સ દરબાર ચોકડી પાસે બિરાજતા દેવોના દેવ જીવેશ્વર મહાદેવ અને જીવામામાની અસીમ કૃપાથી ભવ્ય મહાભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૪ વર્ષની પરંપરા મુજબ 'જય જીવામામા સેવા સમિતિ' અને સ્થાનિક યુવક મંડળ દ્વારા આ સેવાકાર્ય સંપન્ન થયું હતું. આજના પાવન અવસરે જીવામામાની પાલખી યાત્રા માંજલપુરની ગલીઓ અને સોસાયટીઓમાં ભ્રમણ કરી હતી. પાલખી યાત્રા માંજલપુર ગામના જીવામામા મંદિર પરબડી ખાતે દર્શન કરી દરબાર ચોકડી પરત ફરી હતી. ઢોલ-નગારા અને ભક્તિમય વાતાવરણ વચ્ચે નીકળેલી આ યાત્રામાં અબાલ-વૃદ્ધ સૌ ભાવિકો ઉત્સાહભેર જોડાયા હતા. જીવામામાના દર્શન માટે સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. મહાભંડારામાં આશરે ૮૦૦૦થી વધુ ભક્તોએ પ્રસાદ લઈને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સેવા સમિતિ દ્વારા વર્ષોથી ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે આ આયોજનને સફળ બનાવવા તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## વડોદરા: અક્ષર ચોક પાસે ડમ્પરની ટક્કરે ૨૧ વર્ષીય યુવાનનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના અક્ષર ચોક સર્કલ પાસે લોહી થીજી જાય તેવો અકસ્માત સર્જાયો છે. પાદરાના ગાંધી પરિવારનો ૨૧ વર્ષીય કુળદીપક શ્રીજી ગાંધી કાળમુખા ડમ્પરની અડફેટે મોતના મુખમાં ધકેલાયો છે. ૩૧ જાન્યુઆરીની રાત્રે જ્યારે આખો દેશ નિદ્રામાં હતો, ત્યારે આ આશાસ્પદ યુવાન હાલોલની એલેમ્બિક કંપનીમાં નોકરી પૂરી કરી પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. પૂરપાટ ઝડપે કપચી ભરીને આવતા ડમ્પરના ચાલક વિઠ્ઠલ રાઠવાએ શ્રીજીની બાઈકને એવી ટક્કર મારી કે યુવાનનો ડાબો પગ છુંદાઈ ગયો અને સયાજી હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેણે દમ તોડી દીધો.

આ અકસ્માત માત્ર એક ઘટના નથી, પણ વડોદરાના ટ્રાફિક મેનેજમેન્ટની નિષ્ફળતાનું જીવતું જાગતું પ્રમાણ છે. મોડી રાત્રે શહેરના રસ્તાઓ પર ભારદારી વાહનો જાણે હાઈવે સમજીને દોડે છે. ૨૧ વર્ષની ઉંમરે જ્યારે શ્રીજીએ પોતાની કરિયરની શરૂઆત કરી હતી, ત્યારે એક બેદરકાર ડમ્પર ચાલકે તેના સપનાઓ અને પરિવારની ખુશીઓને કચડી નાખી. જેપી રોડ પોલીસે ડમ્પર (GJ 17 XX 0236) જપ્ત કરી ચાલકને પકડ્યો છે, પણ પ્રશ્ન એ છે કે શું વડોદરા પોલીસ આ 'મોતના સોદાગરો' પર લગામ કસશે? દરરોજ વધતા અકસ્માતો અને બુઝાતા કુળદીપકો માટે જવાબદાર કોણ? શું તંત્ર જાગશે કે પછી હજુ વધુ બલિદાનની રાહ જોશે?

## વડોદરા: બાંકો કંપની પાસે રિક્ષા પલટી, 4 મુસાફરો પટકાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર અને જિલ્લામાં વાહન ચાલકોની બેફામ ગતિએ નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂક્યા છે. તાજી ઘટના વડોદરા-પાદરા રોડ પર આવેલી બાંકો કંપની પાસેની છે, જ્યાં એક ઓટો રિક્ષા પલટી ખાતા રકાસ સર્જાયો હતો. પૂરપાટ ઝડપે દોડતી રિક્ષા અચાનક સંતુલન ગુમાવી દે છે અને રસ્તા પર ગોથા ખાય છે. રિક્ષામાં બેઠેલા ૩થી ૪ મુસાફરો ઉછળીને રસ્તાના વચ્ચે પટકાયા હતા, જેના હૃદયદ્રાવક દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા છે. ઘટના બાદ બાંકો કંપનીના કર્મચારીઓએ માનવતા દાખવી ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા અને રિક્ષા સીધી કરી હતી. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આટલો મોટો અકસ્માત સર્જાયા છતાં અટલાદરા પોલીસ કહે છે કે તેમની પાસે કોઈ વિગત નથી! શું પોલીસની સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ માત્ર દંડ વસૂલવા માટે જ છે? રિક્ષા ચાલકોની ઓવર સ્પીડિંગ અને ઓવર લોડિંગની સમસ્યા નવી નથી, છતાં ટ્રાફિક વિભાગ આંખ આડા કાન કરી રહ્યો છે. જો સમયસર આ બેફામ રિક્ષા ચાલકો સામે કડક પગલાં નહીં લેવાય, તો રસ્તા પર ચાલવું સામાન્ય જનતા માટે મોતને આમંત્રણ આપવા સમાન બની જશે. શું પોલીસ કમિશનર આ મામલે કોઈ કડક સૂચના આપશે કે પછી માત્ર વીડિયો વાઈરલ થયા બાદ તપાસના નાટક ચાલતા રહેશે?

# મોટા હબીપુરા: આયુષ્માન આરોગ્ય મંદિરનું લોકાર્પણ અને નડામાં ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આયુષ પ્રભાગ દ્વારા વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકામાં આયુર્વેદિક સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. ડભોઇના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાએ મોટા હબીપુરા ગામે આયુષ્માન આરોગ્ય મંદિરનું લોકાર્પણ કર્યું અને નડા ગામે નવીન આયુર્વેદિક દવાખાનાનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ રોહિતે પણ હાજરી આપી આરોગ્ય સેવાઓની સમીક્ષા કરી હતી.

લોકાર્પિત થયેલા મોટા હબીપુરાના કેન્દ્રમાં જનરલ ઓપીડી ઉપરાંત પંચકર્મ, યોગાભ્યાસ, શાળા આરોગ્ય તપાસ અને કુપોષણ નિવારણ જેવી મહત્વની સેવાઓ ગ્રામજનોને વિનામૂલ્યે મળશે. જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. સામંત દાહિમાએ આ કેન્દ્રની વિશેષતાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમમાં અશ્વિનભાઈ પટેલ સહિત જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ અને આયુર્વેદ વિભાગના ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાએ પોતાના સંબોધનમાં આયુર્વેદના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે આ કેન્દ્રો ગ્રામીણ જનતા માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ગ્રામજનોએ પણ પોતાના વિસ્તારમાં આધુનિક સુવિધા ધરાવતું સરકારી આયુર્વેદિક દવાખાનું મળતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.



**ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાના હસ્તે ડભોઇના મોટા હબીપુરા ખાતે આયુષ્માન આરોગ્ય મંદિરનું લોકાર્પણ અને નડા ગામના આયુર્વેદ દવાખાનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ રોહિત અને જિલ્લા આયુર્વેદ અધિકારી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.**

### BCA ચૂંટણી: રોયલ સત્યમેવ ગ્રુપનું વડોદરામાં શક્તિ પ્રદર્શન




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં BCA ની ચૂંટણી માટે રાજકીય ગરમાવો તેજ થયો છે. સયાજી વિહાર ક્લબ ખાતે રોયલ સત્યમેવ જયતે ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં મહારાજા સમરજિતસિંહ ગાયકવાડ અને દર્શન બેંકરે છેલ્લા ૧૨ વર્ષના વહીવટ સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે વડોદરામાં કથળતા ક્રિકેટના સ્તર, ખેલાડીઓની પસંદગીમાં પારદર્શિતાનો અભાવ અને સભ્યોની સુવિધાના મુદ્દે વર્તમાન સત્તાધીશો સામે આકરા પ્રહાર કર્યા હતા.

### વડોદરા: 48 લાખના ડ્રગ્સ કેસમાં એએસઆઈ દેસાઈ સસ્પેન્ડ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા પોલીસના માથે ડ્રગ્સનું કલંક! 48 લાખના હેરોઈન કાંડમાં એસઓજીના એએસઆઈ લક્ષ્મીકાંત દેસાઈની ધરપકડ બાદ તેમને સસ્પેન્ડ કરાયા છે. પેડલર સોનુ મલ્હી સાથે ડ્રગ્સના નેટવર્કમાં સીધી સંડોવણી ખુલતા શિસ્તબદ્ધ ગણાતા પોલીસ બેડામાં સન્નાટો છે. જેની જવાબદારી નશો રોકવાની હતી, એ જ 'સાહેબ' ડ્રગ્સના સોદાગરોને સાચવતા હતા. કોર્ટે 5 ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કરતા હવે ખાખીમાં છુપાયેલા અન્ય ભ્રષ્ટ ચહેરાઓ પણ બેનકાબ થશે.

### વડોદરા PSI એન.એન. ઝવેરીનો લાંચ લેતો વીડિયો વાઈરલ



**દૈનિક પલ્સ સમાચાર:** ખાખીની આબરૂ હરાજીમાં! વડોદરાના તત્કાલીન PSI એન.એન. ઝવેરીનો લાંચની સોદાબાજી કરતો વીડિયો વાઈરલ થતા પોલીસ બેડામાં દોડધામ મચી છે. 50 હજારની માગણી સામે 40 હજારમાં થયેલી પતાવટનો આ વીડિયો વડોદરા પોલીસના વહીવટની ચાડી ખાય છે. જ્યારે પોલીસ જ ગુંડાઓ સાથે બેસીને હપ્તાની ડિમાન્ડ કરતી હોય, ત્યારે સામાન્ય પ્રજાએ ન્યાય માટે કોની પાસે જવું? શું આ 'ઝવેરી' સામે કડક કાર્યવાહી થશે?

# થાનગઢમાં ડી.જી. વણઝારાની અધ્યક્ષતામાં ચોથો 'ધર્મ સત્તા દિવસ' ઉજવાયો

## ડી.જી. વણઝારાની અધ્યક્ષતામાં 'ધર્મ સત્તા દિવસ' ઉજવાયો

**દૈનિક પલ્સ સમાચાર:** થાનગઢના પવિત્ર જોગ ધ્યાન આશ્રમ ખાતે આજે 'ધર્મ સત્તા દિવસ'ની ચોથી વર્ષગાંઠની ભવ્ય ઉજવણી પૂર્વ આઈ.પી.એસ. અધિકારી ડી.જી. વણઝારાની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. ગુરુવંદના મંચ અને રાષ્ટ્ર વંદના મંચના નેજા હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યભરના સંતો, મહંતો અને સામાજિક સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વણઝારા સાહેબે સનાતન ધર્મના રક્ષણ અને રાજસત્તામાં ધર્મ સત્તાના હિસ્સા અંગે પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા.

આ ગૌરવશાળી પ્રસંગે બોટાદના જાણીતા ગૌરક્ષક અને સામાજિક કાર્યકર સામતભાઈ જેબલીયાએ ડી.જી. વણઝારા સાહેબનું રજવાડી પરંપરા મુજબ સન્માન કર્યું હતું. સામતભાઈએ વણઝારા સાહેબને સાફો બાંધી અને શક્તિના પ્રતીક તરીકે રજવાડી તલવાર અર્પણ કરી તેમની રાષ્ટ્રસેવાને બિરદાવી હતી. આ ઉપરાંત, સામતભાઈ જેબલીયા દ્વારા પટેલ સાહેબનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સંતોએ આશીર્વચન આપતા જણાવ્યું કે રાષ્ટ્રના ઉત્થાન માટે ધર્મ અને શાસનનો સમન્વય અનિવાર્ય છે. કાર્યક્રમમાં જોડાયેલા વિવિધ સંગઠનોએ સનાતન સંસ્કૃતિના જતન માટે સક્રિય રહેવાની ખાતરી આપી હતી. સમગ્ર આયોજનથી થાનગઢ પંથકમાં ભક્તિ અને રાષ્ટ્રપ્રેમનો માહોલ જોવા મળ્યો હતો. **રિપોર્ટ : કનુભાઈ ખાચર**



**થાનગઢમાં પૂર્વ એડી. ડીજીપી ડી.જી. વણઝારાની અધ્યક્ષતામાં 'ધર્મ સત્તા દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઈ. આ પ્રસંગે ગુજરાતભરના સંતો-મહંતો હાજર રહ્યા હતા. બોટાદના ગૌરક્ષક સામતભાઈ જેબલીયાએ વણઝારા સાહેબનું સાફો બાંધી અને તલવાર અર્પણ કરી વિશેષ સન્માન કર્યું હતું.**

# બોટાદમાં ૧૧મો જિલ્લા કક્ષાનો ઈનોવેશન ફેસ્ટિવલ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ ને સાર્થક કરવાના ઉદ્દેશ્ય સાથે જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) બોટાદ દ્વારા ૧૧મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, બોટાદ ખાતે ઉત્સાહભેર યોજાયો હતો. ૩૦ અને ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આયોજિત આ કાર્યક્રમમાં શિક્ષણમાં નવીનતા લાવનાર ૨૨ ઈનોવેટર્સના સંપુટનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારોહમાં આદરણીય માધવસ્વરૂપદાસજી સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા, જ્યારે ડાયેટ પ્રાચાર્ય દીપકભાઈ ચૌહાણે શિક્ષકોને નવી ઊર્જા અને પ્રેરણા પૂરી પાડતો રસથાળ પીરસ્યો હતો. આ ફેસ્ટિવલમાં ફાઉન્ડેશનલ સ્ટેજના ૩, પ્રિપેરેટરી સ્ટેજના ૩, મિડલ સ્ટેજના ૧૩ અને સેકન્ડરી સ્ટેજના ૩ મળી કુલ ૨૨ ઈનોવેશનો રજૂ કરવામાં આવ્યા હતા. નેશનલ એવોર્ડી શિક્ષક પ્રવીણભાઈ ખાચરે સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન કર્યું હતું. ડીઆઈસી કો-ઓર્ડિનેટર ધર્મેન્દ્રભાઈ ગરાસિયાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા આ પ્રોજેક્ટ્સને નિહાળવા માટે મોટી સંખ્યામાં બાળકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ ઉમટી પડ્યા હતા. વિજયભાઈ વાળા અને મુકેશભાઈ પઢિયારે આ પ્રદર્શનને સફળ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. આ ફેસ્ટિવલ દ્વારા શિક્ષકોને પોતાના નવતર પ્રયોગો રજૂ કરવા માટે એક સબળ પ્લેટફોર્મ પ્રાપ્ત થયું હતું, જેનાથી જિલ્લાના શૈક્ષણિક સ્તરમાં ગુણાત્મક સુધારો જોવા મળશે.



# ડાભેલામાં રખડુ ટોળી દ્વારા ઐતિહાસિક 'રાણીઓની વાવ'નું સંરક્ષણ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાભેલા ગામની ઐતિહાસિક ઓળખ સમાન 'રાણીઓની વાવ'ને નવજીવન આપવા માટે 'રખડુ ટોળી' ગ્રુપ દ્વારા એક પ્રેરણાદાયક કાર્યક્રમ સંપન્ન થયો. "વિસરાતી વિરાસત વાવ" અભિયાન હેઠળ રાહુલ તુરીના જન્મદિવસને વિશિષ્ટ રીતે ઉજવવા ટીમે વાવની સફાઈનું બીડું ઝડપ્યું હતું. પર્યાવરણ મંત્રી પ્રવીણભાઈ માળીએ આ સેવાકાર્યને બિરદાવતા શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. સફાઈ અભિયાનમાં ઇમરાનભાઈ ભેમાળ, રાહુલભાઈ શ્રીમાળી અને ભરત પ્રજાપતિ જેવા સહયોગીઓએ મેડિકલ કીટ, પાણી અને નાસ્તાની વ્યવસ્થા સંભાળી હતી. કવિ મધુસૂદન પટેલના આર્થિક અનુદાન અને ડાભેલા ગામના યુવાનોના શ્રમદાનથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. સફાઈ બાદ ગ્રામજનો દ્વારા રખડુ ટોળીના તમામ સભ્યોને શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા અને રાહુલ તુરીને જન્મદિવસની શુભેચ્છાઓ અર્પી હતી. આ આયોજનના ફળસ્વરૂપે ગ્રામજનોમાં ઐતિહાસિક ધરોહરની જાળવણી અંગે નોંધપાત્ર જાગૃતિ જોવા મળી છે. જે વાવ અત્યાર સુધી ઉપેક્ષિત હતી, તેને હવે ગ્રામજનોએ પોતાની ઓળખ માનીને સાચવવાનો સંકલ્પ કર્યો છે. આ પ્રયાસ વિરાસતને જીવંત રાખવાની દિશામાં એક સકારાત્મક શરૂઆત સાબિત થયો છે. સમગ્ર ગ્રામજનોએ રખડુ ટોળીનો આભાર માની ભાવિ પેઢી માટે આ વિરાસત સુરક્ષિત રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.



**ગુજરાત સરકારનો તઘલખી નિર્ણય! આર્મી ઈન્ફોટેકનો કરાર અધવચ્ચે રદ કરી ૧૫૦૦ કર્મચારીઓને બેરોજગાર કર્યા. ૨૦ વર્ષના અનુભવીઓને પડતા મૂકી માત્ર ૭૦ લોકોથી આખું રાજ્ય ચલાવવાની જીદ. શું ડિજિટલ ગુજરાત હવે તાલુકા સ્તરે વહીવટના નામે મીંડું સાબિત થશે?**

# સાધલીના મહિલા સરપંચ પદભ્રષ્ટ, રાજકારણમાં મોટો ભૂકંપ

**દૈનિક પલ્સ સમાચાર:** શિનોર તાલુકાના સૌથી મોટા ગામોમાંના એક એવા સાધલીમાં સત્તાના નશાનો પરપોટો ફૂટી ગયો છે. સાધલીના મહિલા સરપંચ મનીષાબેન જયેશભાઈ પટેલને વડોદરા ડીડીઓ દ્વારા પદભ્રષ્ટ કરવામાં આવતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. પંચાયત અધિનિયમની કલમ ૫૭(૧) નો પ્રહાર ત્યારે જ થાય છે જ્યારે કોઈ પ્રતિનિધિ પોતાની સત્તાનો દુરુપયોગ કરે અથવા વહીવટી ગેરરીતિઓમાં લિપ્ત હોય.
વારંવારની ફરિયાદો અને તપાસના અંતે જિલ્લા વિકાસ અધિકારીએ આ કડક નિર્ણય લીધો છે. જનતાએ જે આશા સાથે મનીષાબેન પર ભરોસો મૂક્યો હતો, તે ભરોસો હવે તૂટી રહ્યો હોય તેવું જણાય છે. સવાલ એ થાય છે કે, શું આ કાર્યવાહી માત્ર એક વ્યક્તિ સામે છે કે પછી આખી સિસ્ટમમાં રહેલા ભ્રષ્ટાચાર સામેની ચેતવણી? સાધલીમાં આ 'રાજકીય સફાઈ' બાદ હવે કોણ ગાદી સંભાળશે અને શું આગામી દિવસોમાં વધુ સ્ફોટક વિગતો બહાર આવશે? તે જોવું રહ્યું.

**શિનોરના સાધલી ગામે રાજકીય ભૂકંપ સર્જાયો છે. ભ્રષ્ટાચાર કે ગેરરીતિના આરોપો વચ્ચે મહિલા સરપંચ મનીષાબેન પટેલને જિલ્લા વિકાસ અધિકારીએ કલમ ૫૭(૧) હેઠળ સત્તા પરથી હાંકી કાઢ્યા છે. શું લોકશાહીમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ મનમાની કરવા બેઠા છે?**

# સાવલી: ટૂંડાવમાં GPL-2025 ક્રિકેટ લીગનો ભવ્ય પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલી પંથકના ક્રિકેટપ્રેમીઓ માટે આનંદના સમાચાર છે. ટૂંડાવ ગામે સી. આર. ભાલાવાત વિશાળ મેદાનમાં 'ગોઠડા પ્રીમિયર લીગ-૨૦૨૫' (GPL) ની ભવ્ય શરૂઆત થઈ છે. ભાલાવાત પરિવાર દ્વારા તૈયાર કરાયેલા આ મેદાન પર આયોજિત ઓપનિંગ સેરેમનીમાં ગુજરાત જાયન્ટ્સના સ્ટાર ક્રિકેટર તરન્નુમ પઠાણે હાજરી આપી ખેલાડીઓને જીત માટે પ્રેરણા આપી હતી. આ ઉદ્ઘાટન પ્રસંગે ટૂંડાવ અને ગોઠડાની ટીમો વચ્ચે રમાયેલી મેચમાં ખેલાડીઓનો અદભૂત કૌશલ્ય જોવા મળ્યું હતું. આ કાર્યક્રમમાં વર્ષોથી ક્રિકેટના વિકાસમાં ફાળો આપનાર સ્થાનિક સિનિયર ખેલાડીઓનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટના સફળ સંચાલન માટે અંકિત પટેલ (GPL કિટ સ્પોન્સર) અને શકિલભાઈ સૈયદે મહત્વનું યોગદાન આપ્યું છે. આ સિઝનમાં ચાર મજબૂત ટીમો—અલ ફલાહ, ક્રેઝી સ્ટ્રાઈકર્સ, ઉમંગ ગ્લાસ અને મામા ધ સરપંચ વચ્ચે રસાકસી જામશે. આયોજક નાસિરભાઈએ સ્પોન્સર્સ અને ગ્રામજનોનો આભાર માનતા કહ્યું કે, આ પ્રકારની ટુર્નામેન્ટથી ગ્રામીણ સ્તરે છુપાયેલી પ્રતિભાઓને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પહોંચવાની તક મળે છે.

**રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**




# સાવલી: ટૂંડાવમાં 30 યુગલોના નિકાહ, આઠમો સમૂહલગ્નોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સામાજિક ઉત્થાન અને કરકસરના માર્ગે ચાલવાના સંદેશ સાથે સાવલીના ટૂંડાવ ગામે એક ભવ્ય સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસંગ હતો સૈયદ હસનઅલી બાવા ના ૩૯મા ઉર્ષનો, જે અંતર્ગત સૈયદ ઝાકીરઅલી બાવા અને તેમના નિષ્ઠાવાન અનુયાયીઓ દ્વારા આઠમો સમૂહલગ્ન કાર્યક્રમ યોજાયો હતો. આજના સમયમાં જ્યારે લગ્ન પ્રસંગોમાં લાખો રૂપિયાનો ધુમાડો થતો હોય છે, ત્યારે ટૂંડાવની આ પવિત્ર ધરમી પરથી ૩૦ નવદંપતીઓએ સાદગીભર્યા નિકાહ દ્વારા નવી પેઢીને પ્રેરણા પૂરી પાડી હતી.

સવારથી જ ટૂંડાવ ગામે ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. વિવિધ ગામોથી આવેલા નવયુગલોએ ધાર્મિક પરંપરા મુજબ નિકાહની વિધિ સંપન્ન કરી વડીલો અને સમાજના અગ્રણીઓના આશીર્વાદ મેળવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય આયોજક સૈયદ ઝાકીરઅલી બાવા એ જણાવ્યું હતું કે સમૂહલગ્નનો મુખ્ય હેતુ મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો પર આવતા આર્થિક બોજને હળવો કરવાનો અને સમાજમાં એકતા સ્થાપવાનો છે. આ લગ્નોત્સવમાં માત્ર નિકાહ જ પઢાવવામાં નહોતા આવ્યા, પરંતુ નવદંપતીઓને પોતાનું સંસારચક્ર ચલાવવામાં સરળતા રહે તે માટે આયોજકોએ ઉદાર હાથે ભેટસોગાદો અર્પણ કરી હતી. ભેટમાં પલંગ, લોખંડની તિજોરી સહિત ઘરવખરીની અનેક વસ્તુઓ સામેલ હતી. વડોદરા અને સાવલી પંથકના અનેક મહાનુભાવોએ આ પ્રસંગે હાજર રહી નવપરિણીત યુગલોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. ઉર્ષના મેળામાં હજારો શ્રદ્ધાળુઓની હાજરી વચ્ચે આ સમૂહલગ્ન કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. આ પ્રકારના આયોજનોથી સમાજમાં વ્યાપેલી દહેજ પ્રથા અને ખોટા ભપકા જેવા દૂષણો સામે લડવાની શક્તિ મળે છે. સાવલી વિસ્તારમાં આ આઠમો સમૂહલગ્નોત્સવ સફળ રહેતા આયોજકો અને સ્વયંસેવકોમાં ભારે હર્ષની લાગણી જોવા મળી હતી.

**સાવલીના ટૂંડાવ ગામે સૈયદ હસનઅલી બાવા ના ૩૯મા ઉર્ષ નિમિત્તે આઠમો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. સૈયદ ઝાકીરઅલી બાવા ના માર્ગદર્શન હેઠળ ૩૦ નવદંપતીઓએ નિકાહ પઢી નવજીવનની શરૂઆત કરી. આયોજકોએ નવપરિણીત યુગલોને ઘરવખરીની ચીજવસ્તુઓ ભેટ આપી આશીર્વાદ પાઠવ્યા હતા. રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**

# નરેન્દ્રભાઈ રોહિતે તરસાલી આયુર્વેદ દવાખાનાની મુલાકાત લીધી

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારના આયુષમાન આરોગ્ય મંદિરો જનતા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યા છે, ત્યારે વડોદરા જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ રોહિતે તાજેતરમાં વાડી (તરસાલી) ખાતેના સરકારી આયુર્વેદ દવાખાનાનું નિરીક્ષણ કર્યું હતું. ૩૧ જાન્યુઆરીના રોજ લેવાયેલી આ મુલાકાતનો મુખ્ય હેતુ દર્દીઓને મળતી સુવિધાઓ અને સારવારની ગુણવત્તાની તપાસ કરવાનો હતો. ચેરમેનશ્રીએ દવાખાનામાં હાજર દર્દીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો અને તેમને મળી રહેલી સુવિધાઓ વિશે પૂછપરછ કરી હતી. દવાખાનાના મેડિકલ ઓફિસર વૈદ્ય સારિકા જૈન અને તેમના સ્ટાફ દ્વારા દર્દીઓના ઉત્તમ સ્વાસ્થ્ય માટે ચલાવવામાં આવતા વિશેષ યોગા ક્લાસ તેમજ વિવિધ સામાજિક આઉટરીચ પ્રવૃત્તિઓની વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓનો સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. નરેન્દ્રભાઈ રોહિતે સ્ટાફની આ નવતર પહેલને બિરદાવી હતી અને ભવિષ્યમાં આ સુવિધાઓમાં સતત વધારો કરવા તેમજ આરોગ્ય સેવાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**રાણપુર હાઈવે મોતની ચીસોથી ગુંજી ઉઠ્યો! પુરપાટ ટ્રકે ઈકો કારનો ભુક્કો બોલાવતા બે ભૂલકાં સહિત ૪ના મોત. લોહીલુહાણ લાશો અને તરફડતા બાળકો વચ્ચે એમ્બ્યુલન્સની લાંબી રાહ જોવી પડી. શું હાઈવે પર રક્તપાત રોકવામાં તંત્ર સાવ પાંગળું સાબિત થયું છે? રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**

# પાદરા: કુરાલ ગામે સંત રોહિંદાસ જીની ૬૪૯મી જન્મજયતીની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર**: પાદરા તાલુકાના કુરાલ ગામના જોધલપીર મંદિરના પટાંગણમાં આજે સંત શિરોમણી રોહિદાસ જીની ૬૪૯મી જન્મજયંતીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક અને સામાજિક મિલન કાર્યક્રમમાં વડોદરા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અને જિલ્લા ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ નરેન્દ્રભાઇ રોહિત મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંત રોહિદાસ જીના તૈલીચિત્રને પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. નરેન્દ્રભાઇ રોહિતે પોતાની બાઈટમાં જણાવ્યું હતું કે, સંત રોહિદાસ જીએ ભક્તિ દ્વારા સમાજમાં વ્યાપેલી અસમાનતા અને કુરિવાજોને દૂર કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો હતો. તેમના દ્વારા રચાયેલા ભજનો અને પદો આજે પણ લાખો લોકોને પ્રેરણા આપી રહ્યા છે. આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લા ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના મંત્રી અને જોધલપીર સેવા મંડળ ટ્રસ્ટના પ્રમુખ ચિરાગભાઈ ચાવડાએ સંગઠન અને સેવાની શક્તિ પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે ટ્રસ્ટના કોષાધ્યક્ષ શાંતિલાલ ડાભી, ઉપપ્રમુખ બાબુભાઈ પરમાર તેમજ અન્ય હોદ્દેદારોએ પણ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. કુરાલ ગામના અને આસપાસના વિસ્તારના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેના કારણે જોધલપીર મંદિર પરિસર ભક્તોથી ઉભરાઈ ગયું હતું. સેવા મંડળ દ્વારા ભક્તો માટે ચા-પાણી અને પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આયોજકોએ જણાવ્યું હતું કે દર વર્ષે સંત રોહિદાસ જીની જન્મજયંતી આ જ રીતે ઉત્સાહથી ઉજવવામાં આવે છે જેથી નવી પેઢી આપણા સંતોના સંસ્કારો અને ઇતિહાસથી માહિતગાર થાય. કાર્યક્રમના અંતે સૌએ સમૂહમાં આરતી કરી હતી અને સંતના આશીર્વાદ લીધા હતા. સંત શિરોમણી રોહિદાસ જીના જન્મજયંતીના આ મહોત્સવે કુરાલ ગામમાં એકતા અને ભક્તિનો માહોલ સર્જ્યો હતો.



**પાદરાના કુરાલ ગામે સંત રોહિદાસ જીની ૬૪૯મી જન્મજયંતી ઉજવાઈ હતી. જોધલપીર મંદિર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન નરેન્દ્રભાઇ રોહિત સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી સંતના જીવન સંદેશને વાગોળ્યો હતો. રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**

## વડોદરા-સાવલી ૨૨મી ધર્મધજા પદયાત્રા ભીમનાથ મહાદેવ મંદિરે ભક્તિભાવપૂર્વક પહોંચી

### સાવલી: ૨૨મી અવિરત ધર્મધજા પદયાત્રાનું ભવ્ય આગમન

**દૈનિક પલ્સ સમાચાર:** શ્રદ્ધા અને પરંપરાનો અનોખો સંગમ એટલે વડોદરાથી સાવલી સુધીની અવિરત ધર્મધજા પદયાત્રા. છેલ્લા ૨૨ વર્ષથી નિયમિતપણે નીકળતી આ યાત્રા આજે સાવલીના ઐતિહાસિક ભીમનાથ મહાદેવ મંદિરે આવી પહોંચી હતી. સાવલી શહેર નાથ સંપ્રદાયના મહાન સંત ગેબીનાથ દાદાની જીવંત સમાધિ અને બ્રહ્મલીન સાવલીવાળા સ્વામીજીના આશીર્વાદથી પવિત્ર ભૂમિ ગણાય છે. આ પદયાત્રાના મૂળમાં બ્રહ્મલીન જગદીશગીરી મહારાજની દ્રષ્ટિ રહેલી છે, જેમણે બે દાયકા પૂર્વે આ ભક્તિમય યાત્રાની શરૂઆત કરી હતી. જગદીશગીરી મહારાજ, જે સાવલીવાળા સ્વામીજીના લઘુબંધુ અને ગૌરયા (વિરમગામ) ગાદીના પીઠાધીશ હતા, તેમણે વડોદરાના ભક્તોને સાવલીની સમાધિ સાથે જોડવા માટે આ યાત્રાનું આયોજન કર્યું હતું. તેમની વિદાય બાદ, તેમના શિષ્ય નીલકંઠગીરી મહારાજના સાનિધ્યમાં આ પરંપરા આજે પણ તેટલા જ ઉત્સાહ સાથે જળવાઈ રહી છે. વડોદરાથી નીકળેલો ધર્મધજા પદયાત્રા સંઘ જ્યારે સાવલી ભીમનાથ મહાદેવ મંદિરે પહોંચ્યો, ત્યારે સમગ્ર વિસ્તાર ભક્તિના રંગે રંગાઈ ગયો હતો.

સમાધિ મંદિરે પદયાત્રીઓએ ભાવપૂર્વક ધર્મધજા અર્પણ કરી હતી અને ગેબીનાથ દાદા તથા સાવલીવાળા સ્વામીજીના ચરણોમાં શીશ ઝુકાવી લોકકલ્યાણની પ્રાર્થના કરી હતી. મંદિરમાં આયોજિત પૂજા-અર્ચનામાં સ્થાનિક ભક્તો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. ૨૨ વર્ષનો અવિરત પ્રવાહ દર્શાવે છે કે સમય બદલાયો હોવા છતાં લોકોની આધ્યાત્મિક આસ્થા અડગ છે. આ પદયાત્રા માત્ર એક ધાર્મિક આયોજન નથી, પરંતુ તે નાથ સંપ્રદાયના મૂલ્યો અને ગુરુ-શિષ્ય પરંપરાનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે. સાવલીવાળા સ્વામીજીના સમાધિ સ્થાને થયેલું આ પૂજન ભક્તો માટે આશીર્વાદ સમાન રહ્યું હતું.

**રિપોર્ટ : કિરણકુમાર**

**વડોદરાથી સાવલી સુધી છેલ્લા ૨૨ વર્ષથી અવિરત નીકળતી ધર્મધજા પદયાત્રા આજે સાવલીના સુપ્રસિદ્ધ ભીમનાથ મહાદેવ મંદિરે આવી પહોંચી હતી. બ્રહ્મલીન જગદીશગીરી મહારાજ દ્વારા શરૂ કરવામાં આવેલી આ પરંપરાને તેમના શિષ્ય નીલકંઠગીરી મહારાજે જાળવી રાખી છે. પદયાત્રીઓએ ગેબીનાથ દાદાની જીવંત સમાધિ અને બ્રહ્મલીન સાવલીવાળા સ્વામીજીના સમાધિ મંદિરે ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. આ યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા, જે સાવલીની પવિત્ર કર્મભૂમિ અને નાથ સંપ્રદાય પ્રત્યેની અતૂટ શ્રદ્ધા દર્શાવે છે.**

## પાટડીમાં એસએમસીની કાર્યવાહી: ૧.૬૮ કરોડનો દારૂ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** સુરેન્દ્રનગરના પાટડી પંથકમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દારૂના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ માલવણ ગામ નજીક આવેલી આલીશાન હોટલના પાર્કિંગમાં એસએમસીની ટીમે ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં એક ટ્રકમાંથી વિદેશી દારૂની કુલ ૩૩,૮૧૬ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા દારૂ, ટ્રક, મોબાઈલ અને પ્લાયબોર્ડ સહિતના મુદ્દામાલની કુલ કિંમત ₹૧,૬૮,૫૩,૮૦૦/- થાય છે. આ કેસમાં ઉત્તર પ્રદેશના ઔરૈયાના રહેવાસી ટ્રક ડ્રાઈવર સત્યેન્દ્ર પાલની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ માલ પાટડીના ગેડિયા ગામના બિલ્કીસબાનુ અને ઈસ્માઈલખાન મલેકે ઉદયપુરના સપ્લાયર પ્રીતમસિંગ પાસેથી મંગાવ્યો હતો. આ દારૂ હરિયાણાની 'યુનાઈટેડ સ્પિરિટ્સ' અને 'ઓસીસ કોમર્શિયલ' જેવી નામાંકિત ડિસ્ટિલરીઓમાં તૈયાર કરવામાં આવ્યો હતો. પોલીસે માલ મંગાવનાર અને સપ્લાય કરનાર સહિત કુલ ચાર શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. પીએસઆઈ આર.જી. વસાવાના નેતૃત્વમાં થયેલી આ કાર્યવાહીથી સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા તત્વોમાં દોડધામ મચી છે. બજાણા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને વોન્ટેડ આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

**રિપોર્ટ : મેરુ ભરવાડ**



## રાજકોટ મનપા: કમિશનરનું અલ્ટીમેટમ, સાત દિવસમાં તમામ પેન્ડિંગ ફાઈલો ક્લિયર કરો

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મહાનગરપાલિકામાં ચાલતી વહીવટી શિથિલતા હવે સીમા વટાવી ચૂકી છે, અને તેની સાબિતી કમિશનર દ્વારા અપાયેલું ૭ દિવસનું અલ્ટીમેટમ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવીએ મ્યુનિસિપલ કમિશનરો સાથે કરેલી કડક બેઠકના બીજા જ દિવસે રાજકોટ કમિશનર તુષાર સુમેરાએ તમામ અધિકારીઓનો ક્લાસ લીધો હતો. ૪૫ મિનિટની આ બેઠકમાં કમિશનરે આદેશ આપ્યો કે કોઈ પણ વિભાગની ફાઈલ સાત દિવસથી વધુ પેન્ડિંગ રહેવી જોઈએ નહીં.

આ આદેશ મનપાની સિસ્ટમમાં રહેલા સડાને છતો કરે છે. જો મુખ્યમંત્રીએ ટકોર ન કરી હોત, તો શું આ અધિકારીઓ પ્રજાની અરજીઓ પર કુંભકર્ણની નિદ્રામાં જ હોત? કમિશનરે ૪૮ કલાકમાં ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમ ઊભી કરવા જણાવ્યું છે, જે દર્શાવે છે કે અત્યાર સુધી વહીવટમાં પારદર્શિતાનો અભાવ હતો. વોર્ડ ઓફિસરોને ત્રણ દિવસમાં સંકલન કરવા અને નાયબ કમિશનરોને પોતપોતાના ઝોન પર નજર રાખવા સૂચના અપાઈ છે. આટલું જ નહીં, એસી કેબિનમાં બેસી રહેતા બાબુઓને ફિલ્ડમાં ઉતરી સ્વચ્છતા સર્વેક્ષણ પર ધ્યાન આપવા પણ જણાવાયું છે.


પરંતુ 'દૈનિક પલ્સ સમાચાર' પૂછે છે કે, શું સાત દિવસ બાદ ખરેખર કોઈની સામે પગલાં લેવાશે? કે પછી આ માત્ર ઉપરના લેવલે દેખાડો કરવા માટેની કવાયત છે? જનતાની સેવા કરવા માટે બંધાયેલું તંત્ર જ્યારે ડરના માર્યા કામ કરવા લાગે ત્યારે લોકશાહીની ગરિમા લજવાય છે. જો આ ફાઈલો એક અઠવાડિયામાં ક્લિયર થઈ શકતી હોય, તો મહિનાઓ સુધી લોકોને હેરાન કરવા બદલ જવાબદાર અધિકારીઓ સામે દંડનીય કાર્યવાહી કેમ નહીં? આવનારા શુક્રવારે જ્યારે રિવ્યુ બેઠક મળશે ત્યારે ખબર પડશે કે કમિશનરનો આ આદેશ કેટલો અસરકારક રહ્યો કે પછી તંત્ર ફરી પોતાની જૂની રાબેતા મુજબની આળસમાં સરી પડ્યું.





## બિલખામાં ૧૪૧મો નેત્રમણી કેમ્પ: હજારોને મળી નવી દ્રષ્ટિ

**દૈનિક પલ્સ સમાચાર:** બિલખા ખાતે મોચી જ્ઞાતિની વાડીમાં માનવસેવાનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું છે, જ્યાં ૧૪૧મા નેત્રમણી કેમ્પ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓની સેવાનો યજ્ઞ યોજાયો હતો. શ્રી રણછોડદાસ બાપુ હોસ્પિટલ, રાજકોટના સહયોગથી આયોજિત આ કેમ્પમાં મોતિયાના દર્દીઓને શોધી તેમને આધુનિક સારવાર પૂરી પાડવામાં આવે છે. કેમ્પમાં તપાસ બાદ જે દર્દીઓને મોતિયો હોય તેમને બપોરે ભોજન કરાવી ખાસ બસ દ્વારા રાજકોટ મોકલવામાં આવે છે. રાજકોટમાં હોસ્પિટલ ખાતે દર્દીઓને વિનામૂલ્યે નેત્રમણી બેસાડવામાં આવે છે અને રોકાણ દરમિયાન ચા-પાણી, નાસ્તો તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. ઓપરેશન બાદ દર્દીઓને સન્માનપૂર્વક પરત બિલખા મૂકવા પણ આવે છે. છેલ્લા ૧૪ વર્ષથી કિશોરભાઈ વાઘેલા અને તેમનું ગ્રુપ આ ભગીરથ કાર્ય નિઃસ્વાર્થ ભાવે કરી રહ્યું છે. બિલખા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના હજારો લોકો આ સેવાનો લાભ લઈ અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરી રહ્યા છે, જે સમાજ માટે પ્રેરણારૂપ છે.

**રિપોર્ટ : આશિષ વસાવડા**







**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

## વિશ્વના ઝડપથી વિકસતા શહેરોમાં સુરત પ્રથમ અને રાજકોટ સાતમા ક્રમે

**દૈનિક પલ્સ સમાચાર:** સૌરાષ્ટ્રનું હૃદય ગણાતું રાજકોટ અને આર્થિક પાટનગર સુરત હવે વૈશ્વિક આર્થિક ક્રાંતિના મશાલચી બની રહ્યા છે. કેન્દ્ર સરકારના આર્થિક સર્વેક્ષણ અને ઓક્સફર્ડ ઇકોનોમિક્સના ડેટા દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. ૨૦૧૯ થી ૨૦૩૫ ના સમયગાળા માટે જાહેર કરાયેલા અંદાજો મુજબ, વિશ્વના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં ભારતના જે ટોપ-૧૦ શહેરો છે, તેમાં ગુજરાતના બે રત્નો સુરત અને રાજકોટનો સમાવેશ થાય છે. આ યાદીમાં સુરત ૯.૧૭% ના વાર્ષિક વૃદ્ધિ દર સાથે વિશ્વમાં પ્રથમ સ્થાને છે, જ્યારે રાજકોટ ૮.૩૩% ના દર સાથે સાતમા સ્થાને છે.

આંકડાકીય દૃષ્ટિએ જોઈએ તો, ૨૦૧૮ માં સુરતની વાર્ષિક આવક (જીડીપી) ૨૮.૫ બિલિયન ડોલર હતી, જે ૨૦૩૫ માં વધીને ૧૨૬.૮ બિલિયન ડોલર (આશરે રૂ. ૧૧.૬૫ લાખ કરોડ) થશે. એ જ રીતે, રાજકોટનો જીડીપી ૨૦૧૮ માં ૬.૮ બિલિયન ડોલર હતો, જે ૨૦૩૫ સુધીમાં વધીને ૨૬.૭ બિલિયન ડોલર (આશરે રૂ. ૨.૪૫ લાખ કરોડ) થવાનો અંદાજ છે. સુરત ટેક્સટાઈલ અને હીરા ઉદ્યોગમાં પહેલેથી જ અગ્રેસર છે, હવે તે આધુનિક સર્વિસ સેક્ટરમાં પણ પ્રગતિ કરી રહ્યું છે. જ્યારે રાજકોટ તેના એન્જિનિયરિંગ ઉદ્યોગ અને લઘુ ઉદ્યોગોના કારણે વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. રિપોર્ટ મુજબ, શહેરીકરણના આ મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે ઉત્પાદકતામાં ૧૨% સુધીનો ઉછાળો જોવા મળે છે. જ્યારે ભારત ૫ ટ્રિલિયન ડોલરની ઇકોનોમી તરફ ડગ માંડી રહ્યું છે, ત્યારે અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા શહેરો માત્ર રહેઠાણના સ્થળો મટીને ઇકોનોમિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે સ્થાપિત થયા છે. ઉત્તમ રોડ કનેક્ટિવિટી અને વેપાર માટેની અનુકૂળ નીતિઓને કારણે આ શહેરો આગામી દાયકામાં વૈશ્વિક રોકાણકારો માટે ફેવરિટ ડેસ્ટિનેશન બનશે. ગુજરાતના આ બે શહેરોનો દબદબો સાબિત કરે છે કે રાજ્ય દેશના સર્વાંગી વિકાસમાં નેતૃત્વ કરી રહ્યું છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**વિશ્વના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સુરત પ્રથમ અને રાજકોટ સાતમા ક્રમે છે. ૨૦૧૯-૩૫ દરમિયાન સુરત ૯.૧૭% અને રાજકોટ ૮.૩૩% ના વાર્ષિક વૃદ્ધિ દર સાથે વૈશ્વિક રોકાણકારો માટે હોટસ્પોટ બનશે, જે દેશના અર્થતંત્રને નવી ઊંચાઈ પર લઈ જશે.**

## રાજકોટ-હીરાસર એરપોર્ટ વચ્ચે શરૂ થઈ ઈલેક્ટ્રિક બસ સેવા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના સાંસદ રામભાઈ મોકરીયા દ્વારા હીરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ સુધી સુલભ પરિવહન સેવા માટે એસટી વિભાગને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના પગલે એસટી વિભાગે એરપોર્ટ જનારા મુસાફરો માટે દૈનિક 12 ઇલેક્ટ્રિક બસની સુવિધા અમલી બનાવી છે. આ સેવા અંતર્ગત એરપોર્ટ રોડ પર સ્પેશિયલ સ્ટોપ પણ આપવામાં આવ્યા છે જેથી ખાનગી વાહનો પરની નિર્ભરતા ઘટે.

વિભાગે વધુમાં માહિતી આપી કે, મુસાફરોની સગવડતા માટે હીરાસર ખાતે 5000 ચો.મી. જમીનમાં આધુનિક સ્માર્ટ બસ સ્ટેશન વિકસાવવાની યોજના છે. આ માટે જમીન ફાળવણી અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે અને ટૂંક સમયમાં બાંધકામ શરૂ થશે. આ બસ સ્ટેશનમાં વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. રામભાઈ મોકરીયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ પ્રયાસોથી સ્થાનિક મુસાફરો, વેપારીઓ અને વિદેશી પ્રવાસીઓને એરપોર્ટ સુધીની મુસાફરી વધુ સસ્તી અને આરામદાયક રહેશે. એસટી વિભાગના આ હકારાત્મક અભિગમથી મુસાફરોમાં આનંદની લાગણી વ્યાપી છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




## બાલાસિનોર: માસૂમ પર પોલીસ હિંસા, એસપી સફીન હસનનો ન્યાય ટાળવાનો પ્રયાસ

**દૈનિક પલ્સ સમાચાર:** બાલાસિનોરમાં ૧૩ વર્ષના માસૂમ પર થયેલી પોલીસ હિંસાએ મહિસાગર જિલ્લા પોલીસની ક્રૂરતા અને ઉચ્ચ અધિકારીઓના અહંકારને છતો કર્યો છે. ધોરણ ૮માં ભણતા વિદ્યાર્થીને મહિલા પીઆઈ જે.એન. સોલંકીએ પોલીસ સ્ટેશનની બહાર સીસીટીવી વગરની કાળા કાચવાળી દુકાનમાં લઈ જઈને અમાનવીય રીતે માર માર્યો હતો. જ્યારે આ મામલે ભાજપના બે ધારાસભ્યોએ જિલ્લા પોલીસ વડા સફીન હસન પાસે ફરિયાદની માગ કરી, ત્યારે મળેલા જવાબોએ સમગ્ર ગુજરાતને ચોંકાવી દીધું છે. એસપી સફીન હસન દ્વારા કરવામાં આવેલી "પ્રાથમિક તપાસ" અને "જોઈ લઈશું" જેવી વાતો સ્પષ્ટપણે આરોપી અધિકારીને બચાવવાનો પ્રયાસ છે. કાયદો કહે છે કે જ્યારે કોઈ નાબાલિગ પર હિંસા થાય ત્યારે FIR પ્રાથમિકતા હોવી જોઈએ, પણ અહીં એસપી સાહેબ પોતાના અધિકારીઓના મનોબળ તૂટવાની ચિંતા કરી રહ્યા છે. સવાલ એ છે કે, શું કોઈ સામાન્ય માણસે આવો માર માર્યો હોત તો પણ પોલીસ આવી જ ઉદારતા બતાવત? પોલીસમાં હોવા માત્રથી કાયદાના ભક્ષક બનવાનો પરવાનો મળી જતો નથી.

પીડિત પરિવારનો આક્ષેપ છે કે આવી "ટોર્ચર ચેમ્બર્સ" ખાસ હેતુ માટે રખાઈ છે, જે પોલીસની મેલી મુરાદ દર્શાવે છે. એસપી સફીન હસન જેવા શિક્ષિત અને જાણીતા અધિકારી પાસેથી જનતાને સંવેદનશીલતાની અપેક્ષા હતી, પરંતુ તેમના ઉડાવ જવાબોએ લોકોમાં ભારે રોષ અને નિરાશા જન્માવી છે. જો ધારાસભ્યોની વિનંતી પર પણ પોલીસ ફરિયાદ ન લેતી હોય, તો સામાન્ય નાગરિક માટે ન્યાય ક્યાં છે? રીલ્સની દુનિયામાંથી બહાર આવીને ગ્રાઉન્ડ રિયાલિટીમાં ન્યાય આપવાની જરૂર છે. તપાસના નામે જો સમાધાનનો ખેલ રમાશે, તો તે ન્યાયતંત્રની હત્યા સમાન ગણાશે. 'દૈનિક પલ્સ સમાચાર' આક્રોશ સાથે પૂછે છે કે શું હવે હાઈકોર્ટના આદેશ વગર પોલીસ પોતાની ફરજ નિભાવશે? આ મામલે કડક પગલાં નહીં લેવાય તો જનતાનો પોલીસ પરથી ભરોસો કાયમ માટે ઉઠી જશે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર , હસમુખભાઈ નાયક**

**બાલાસિનોરમાં ૧૩ વર્ષના બાળકને મહિલા પીઆઈએ ઢોર માર મારતા ચકચાર મચી છે. એસપી સફીન હસને ફરિયાદ લેવાને બદલે તપાસના બહાને પોતાના અધિકારીનો બચાવ કરતા કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉઠ્યા છે. શું ખાખી વરદી ધારાસભ્યોથી પણ ઉપર છે?**

# અમદાવાદ: ગોમતીપુરમાં દલિત શોષણ મુક્તિ મંચ દ્વારા અત્યાચાર નિવારણ અંગે બેઠક

## અમદાવાદ: ગોમતીપુરમાં દલિત શોષણ મુક્તિ મંચની મહત્વની બેઠક

**દૈનિક પલ્સ સમાચાર:** દલિત શોષણ મુક્તિ મંચ દ્વારા અમદાવાદના ગોમતીપુર વોર્ડમાં દલિતોના અધિકારો અને સામાજિક સુરક્ષા મુદ્દે એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રાજપુર ગોમતીપુર ખાતે યોજાયેલી આ મીટિંગમાં સમુદાયના વિવિધ પ્રશ્નો પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય મંત્રી એચ. આઈ. બટ્ટહાજર ઉપસ્થિત રહ્યા હતા, જેમણે કેન્દ્રીય સમિતિમાં દલિતોના પડતર પ્રશ્નો અંગે થયેલી સકારાત્મક ચર્ચાઓની વિગતો શેર કરી હતી.

બેઠકમાં અત્યાચાર સામેના કાયદાકીય રક્ષણ અને સામાજિક જાગૃતિ અંગે લોકોના પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા હતા. જિલ્લા મંત્રી સતીશચંદ્ર બી. પરમાર અને DYFI પ્રમુખ ફૈસલ અલી સિદ્દીકીએ પણ સમુદાયના ઉત્થાન માટે સંગઠન સાથે જોડાઈને લડત આપવાની હિમાયત કરી હતી. આ મીટિંગમાં આનંદભાઈ પરમાર, મનીષભાઈ પરમાર, જમીલા બાનો અન્સારી અને જાવેદભાઈ સહિતના અનેક સામાજિક કાર્યકરોએ હાજરી આપી હતી. દલિત શોષણ મુક્તિ મંચે આ કાર્યક્રમ દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે દલિતોના અધિકારોના રક્ષણ માટે સંગઠન કટિબદ્ધ છે. ભવિષ્યમાં આવા જનજાગૃતિના કાર્યક્રમો વધુ વેગથી ચલાવવામાં આવશે જેથી સમુદાયમાં એકતા જળવાઈ રહે અને અન્યાય સામે મજબૂત રજૂઆત કરી શકાય.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**




**અમદાવાદના ગોમતીપુર વોર્ડમાં દલિત શોષણ મુક્તિ મંચ દ્વારા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. રાજ્ય મંત્રી એચ. આઈ. બટ્ટહાજરે દલિતો પર થતા અત્યાચાર અને સેન્ટ્રલ કમિટીમાં થયેલી ચર્ચાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે સમુદાયને જાગૃત કરી અધિકારો માટે લડવા હાકલ કરવામાં આવી હતી.**

# ગુજરાત: ઠંડીમાં મોટી રાહત, તાપમાનમાં 5 ડિગ્રીનો ઉછાળો

**દૈનિક પલ્સ સમાચાર:** શું ગુજરાતમાં શિયાળો તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે? ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહની આગાહી ચોંકાવનારી છે. વેધર એનાલિસ્ટ અશોકભાઈ પટેલના જણાવ્યા મુજબ, સમગ્ર રાજ્યમાં તાપમાનનો પારો સામાન્ય કરતા ૨ થી ૫ ડિગ્રી ઊંચો નોંધાઈ રહ્યો છે. અમદાવાદમાં ૧૮.૬ અને વડોદરામાં ૧૮.૪ ડિગ્રી તાપમાન એ સાબિત કરે છે કે ઠંડી હવે માત્ર કાગળ પર રહી ગઈ છે. ૧ થી ૭ ફેબ્રુઆરી સુધી ઠંડીમાં કોઈ મોટી રાહત મળવાની નથી, જે સ્વેટર અને જેકેટ પહેરનારાઓ માટે નિરાશાજનક સમાચાર છે. આ આગાહીમાં ચિંતાજનક બાબત એ છે કે ૨ થી ૪ ફેબ્રુઆરી દરમિયાન પવનની ઝડપ ૧૦ થી ૨૫ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. આ તેજ પવન અને ઊંચું તાપમાન વાયરલ ઈન્ફેક્શન માટે મોકળું મેદાન પૂરું પાડશે. ડીસા અને અમરેલી જેવા સેન્ટરોમાં પણ ગરમીનો પારો સામાન્ય કરતા ઘણો ઊંચો છે. શિયાળાની સિઝન જે રીતે અધવચ્ચેથી ડગમગી રહી છે, તેનાથી ખેડૂતોમાં પણ ચિંતાનો માહોલ છે. જો ઠંડી નહીં પડે તો રવિ પાકને નુકસાન થવાની ભીતિ છે. વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે તૈયાર રહેવું પડશે, કારણ કે કુદરતનો આ મિજાજ સામાન્ય જનતાના ખિસ્સા અને તબિયત બંને પર ભારે પડી શકે છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# સુરત: જીવતા મતદારોને મૃત બતાવી નામ કાપવાનું કૌભાંડ, પોલીસની ગંભીર લાપરવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત પૂર્વ વિધાનસભામાં મતદાર યાદીમાં મોટાપાયે છેડછાડ કરી ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવાનું ભયાનક કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. રાજકીય પાર્ટીના મળતિયાઓએ સત્તાના જોરે સ્થાનિક મતદારોના નામ યાદીમાંથી દૂર કરવા ફોર્મ નંબર સાત(7)નો દુરુપયોગ કર્યો છે. અનેક નાગરિકો જીવિત હોવા છતાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા છે, જે વહીવટી તંત્રની નિષ્ફળતા અને રાજકીય લુખ્ખાગીરીનું જ્વલંત ઉદાહરણ છે. આ અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવવા આમ આદમી પાર્ટીના પૂર્વ વિધાનસભા સહ પ્રભારી એડવોકેટ શાહીન મલેક અને ચિત્રેશ અનાજવાલા ભોગ બનેલા રહીશો સાથે લાલગેટ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જોકે, ત્યાં પોલીસની કામગીરી વધુ આઘાતજનક રહી હતી. પોલીસે પીડિતોની રજૂઆત સાંભળવાને બદલે અરજી સ્વીકારવાની જ મનાઈ કરી દીધી હતી. વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ કેસમાં ઉપરથી પુષ્કળ દબાણ હોવાથી પોલીસ તંત્ર મૌન સેવી રહ્યું છે. વિરોધીઓના મત કાપવા માટે કરવામાં આવેલી આ હરકતથી સાબિત થાય છે કે સત્તાધારી પક્ષ હારના ડરથી કોઈપણ હદ સુધી જઈ શકે છે. જ્યારે કાયદાના રક્ષકો જ રાજકીય નેતાઓના પ્યાદા બની જાય, ત્યારે લોકશાહી અને લોકતંત્રનું અસ્તિત્વ જોખમમાં મૂકાય છે. આપ દ્વારા આ લડાઈ ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**સુરત પૂર્વ વિધાનસભામાં લોકશાહીનું ચીરહરણ થઈ રહ્યું છે. જીવતા લોકોને મૃત બતાવી મતાધિકાર છીનવવાનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. લાલગેટ પોલીસે રાજકીય દબાણ હેઠળ પીડિતોની ફરિયાદ લેવાનો ઈનકાર કરતા ન્યાય પ્રણાલી સામે ગંભીર સવાલો ઉભા થયા છે.**

# મહુધામાં નદીના પટમાંથી 3 જુગારી ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર**: ખેડા જિલ્લામાં જુગારની બદી જડમૂળથી ઉખેડવામાં પોલીસ તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું હોય તેમ લાગે છે. મહુધા તાલુકાના મીનાવાડા ગામે નદી કિનારે જાહેરમાં ચાલતા જુગારધામ પર એલસીબીએ દરોડો પાડ્યો છે. પોલીસ અધિક્ષકની સૂચના છતાં સ્થાનિક સ્તરે જુગારના અડ્ડાઓ બંધ થવાનું નામ નથી લેતા. દરોડા દરમિયાન પોલીસે ₹14,500 રોકડા અને જુગારના સાહિત્ય સાથે ત્રણ શખ્સોને દબોચી લીધા છે.

પરંતુ, વાસ્તવિકતા એ છે કે જ્યારે એલસીબીને બાતમી મળે છે ત્યારે જ કેમ કાર્યવાહી થાય છે? સ્થાનિક મહુધા પોલીસ શું ઉંઘતી હતી? નદીના પટ જેવા ખુલ્લા વિસ્તારોમાં જુગારીઓનો આ જમાવડો સાબિત કરે છે કે તેમને કાયદાનો કોઈ ખોફ રહ્યો નથી. માત્ર જૂજ રકમ પકડીને સંતોષ માનતી પોલીસ શું આ નેટવર્કના અસલી સંચાલકો સુધી પહોંચી શકશે? ગ્રામીણ વિસ્તારોમાં યુવાધનને બરબાદ કરતા આ અડ્ડાઓ પોલીસની રહેમનજર હેઠળ ચાલતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**






# નડિયાદ: રુત્વી સ્ટુડિયોમાંથી ₹૩.૧૮ લાખના કેમેરાની ચોરી ઉકેલાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદના વેપારી મથકોમાં તસ્કરોનો આતંક વધતા સ્થાનિકોમાં ભયનો માહોલ છે. પીપલગ રોડ પર સામતા પાર્ટી પ્લોટ પાસે આવેલ રુત્વી સ્ટુડિયોમાં થયેલી ₹૩.૧૮ લાખની ચોરીના મામલે પોલીસે આકાશ તલપદા નામના રીઢા તસ્કરને ઝડપી પાડ્યો છે. પકડાયેલ આરોપી ચોરીના કેમેરા અને લેન્સ વેચવાની પિરાકમાં હતો ત્યારે જ એલસીબીએ તેને દબોચી લીધો હતો.

આ ઘટનામાં નકારાત્મક પાસું એ છે કે ચોરી ૧૬ જાન્યુઆરીએ થઈ હતી અને તેને શોધતા પોલીસને ૧૫ દિવસ જેટલો સમય લાગ્યો. ત્યાં સુધી તસ્કર ખુલ્લેઆમ ફરતો રહ્યો. પોલીસે કેનન કેમેરા, ૮૫mm અને ૨૪-૧૦૫mm જેવા મોંઘા લેન્સ, ફ્લેશ અને બેટરીઓ રિકવર કરી છે, જે વેપારી માટે મોટી રાહત છે. પરંતુ સવાલ એ ઉઠે છે કે શું નડિયાદના કોમ્પ્લેક્સમાં સીસીટીવી કે સિક્યોરિટી ગાર્ડની વ્યવસ્થા પૂરતી નથી? જો મુખ્ય રોડ પરના સ્ટુડિયો સુરક્ષિત ન હોય તો અંદરના વિસ્તારોની સ્થિતિ શું હશે? વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા રાત્રિના સમયે પેટ્રોલિંગ સઘન બનાવવાના વાયદાઓ છતાં ચોરીના બનાવો અટકવાનું નામ નથી લેતા. જનતા પૂછી રહી છે કે શું હવે મિલકતોની રક્ષા માટે નાગરિકોએ પોતે જ જાગતા રહેવું પડશે? આ કિસ્સો પોલીસની તપાસ પદ્ધતિ અને વેપારી સુરક્ષાના છીંડાઓને છતા કરે છે.

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



**નડિયાદમાં મિલકત સંબંધી ગુનાઓ બેફામ બન્યા છે. પીપલગ રોડ પરના સ્ટુડિયોમાં ત્રાટકેલા તસ્કરો લાખોના કેમેરા લૂંટી ગયા હતા. જોકે પોલીસે આકાશ તલપદાને મુદ્દામાલ સાથે દબોચ્યો છે, પણ શહેરના કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં સુરક્ષાના અભાવે વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.**

# એક્સપ્રેસ-વે પર લક્ઝરી કારમાંથી લાખોનો દારૂ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા-નડિયાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક્સપ્રેસ-વે પરથી દારૂ ભરેલી કાર પકડીને સંતોષ માન્યો છે, પણ જનતા પૂછી રહી છે કે આ સિલસિલો ક્યારે અટકશે? ૩૧ જાન્યુઆરીના રોજ ડાકોર બ્રિજ પાસે પોલીસની ટીમે એક હોન્ડા સિટી કારને અટકાવી ત્યારે તેમાં છુપાવેલું નશાનું સામ્રાજ્ય બહાર આવ્યું હતું. કારમાંથી ૬૩૦ લિટર દેશી દારૂ, જેની કિંમત રૂ. ૧.૨૬ લાખ છે, તે મળી આવ્યો હતો. પોલીસે કુલ રૂ. ૩.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી અમદાવાદના ખોખરા વિસ્તારના બે શખ્સોને જેલ ભેગા કર્યા છે.

નેગેટિવ પાસું એ છે કે, આ દારૂ આનંદથી અમદાવાદ જઈ રહ્યો હતો. એટલે કે, વચ્ચે આવતી અનેક પોલીસ હદ અને પેટ્રોલિંગ ગાડીઓમાંથી બુટલેગરો સફળતાપૂર્વક પસાર થઈ ગયા હતા. જો બાતમી ન મળી હોત, તો આ ઝેર અમદાવાદની ગલીઓમાં આસાનીથી વેચાઈ ગયું હોત. પોલીસ વડા વિજય પટેલ અને પીઆઈ વેકરીયાના માર્ગદર્શનમાં આ કામગીરી થઈ છે, પણ એક્સપ્રેસ-વે જેવા હાઈ-સિક્યોરિટી રોડ પર આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવવી એ વ્યવસ્થાની નિષ્ફળતા છે. શું પોલીસ માત્ર નાના વાહનો પકડીને જ કામગીરી બતાવશે કે પછી હદ પારથી દારૂ ઘુસાડનારા મોટા માથાઓ પર તવાઈ બોલાવશે? આ કિસ્સો પોલીસની સતર્કતા કરતાં બુટલેગરોની હિંમત વધુ દર્શાવે છે.

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



# બજેટમાં ખાદ્ય સુરક્ષા અને ખેડૂતો માટે મજબૂત ફાળવણી: કુલદીપ સંઘવી

**દૈનિક પલ્સ સમાચાર:** કેન્દ્ર સરકારના તાજેતરના બજેટમાં ખાદ્ય સુરક્ષા, ખેડૂતોના હિતો અને જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) ને પ્રોત્સાહન આપવા માટે લેવાયેલા નિર્ણયોને ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (FCI) ગુજરાત સ્ટેટના SLCC સભ્ય કુલદીપ સંઘવીએ આવકાર્યા છે. બજેટના આંકડાઓ સાથે પ્રતિભાવ આપતા તેમણે જણાવ્યું કે, ₹2 લાખ કરોડથી વધુની ફૂડ સબસિડીની જોગવાઈ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે રક્ષણ કવચ સમાન છે. આ માતબર રકમથી છેવાડાના માનવી સુધી સસ્તા દરે અનાજ પહોંચાડવાનો લક્ષ્ય વધુ સરળ બનશે. કુલદીપ સંઘવીએ ખાસ કરીને MSP (ન્યૂનતમ ટેકાના ભાવ) આધારિત અનાજ ખરીદીની પ્રક્રિયા ચાલુ રાખવાની સરકારની પ્રતિબદ્ધતાને બિરદાવી છે. આનાથી લાખો ખેડૂતોને તેમની ઉપજની નિશ્ચિત કિંમત મળશે અને બજારમાં આવતી વધ-ઘટ સામે સુરક્ષા મળશે. બજેટમાં સ્ટોરેજ, ગોડાઉન ક્ષમતા અને લોજિસ્ટિક્સ નેટવર્કને મજબૂત કરવા માટે જે ભાર મૂકાયો છે, તેનાથી પરિવહન અને વિતરણ વ્યવસ્થામાં ક્રાંતિકારી ફેરફાર આવશે. આ પગલાંથી અનાજનો સંગ્રહ વધુ સારી રીતે થશે અને વિતરણમાં પારદર્શિતા વધશે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ દેશના કરોડો લાભાર્થીઓને અનાજનો અવિરત પુરવઠો પૂરો પાડવામાં FCI ની ભૂમિકા અત્યંત મહત્વની છે. બજેટની આ જોગવાઈઓથી FCI ની કાર્યપ્રણાલી વધુ મજબૂત થશે, જેનો સીધો લાભ ખેડૂતો અને રાશનકાર્ડ ધારકોને મળશે. ગ્રામિણ અર્થવ્યવસ્થામાં સ્થિરતા લાવવા માટે આ બજેટ માઇલસ્ટોન સાબિત થશે. દેશની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા અને કૃષિ જગતના ઉત્થાન માટે લેવાયેલા આ દૃઢ પગલાં બદલ કુલદીપ સંઘવીએ કેન્દ્ર સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ બજેટ સર્વગ્રાહી વિકાસની દિશામાં એક મજબૂત કદમ છે.



“સમાચાર તથા જાહેરાત આપવા માટે સંપર્ક કરો: ૯૯૦૯૯૧૧૧૭૫”

## ભરૂચ: નર્મદામાં બહેનને બચાવવા જતા ભાઈ લાપતા, સર્ચ ઓપરેશન

### ગોલ્ડનબ્રિજ પાસે નર્મદા નદીમાં યુવાન ડૂબ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** સેલ્ફી અને સોશિયલ મીડિયાના રવાડે ચઢેલી યુવા પેઢી પર આજે ભરૂચના ગોલ્ડનબ્રિજ પાસે આફત ત્રાટકી છે. અંકલેશ્વર છેડે નર્મદા નદીમાં ફોટા પાડવા ગયેલા વસાવા પરિવારના યુવાન પુત્ર નયન મુકેશભાઈ વસાવા નદીમાં લાપતા થતા અરેરાટી વ્યાપી ગઈ છે. બહેનનો પગ લપસતા ભાઈએ તેને મોતના મુખમાંથી બહાર કાઢી, પરંતુ પોતે પાણીના પ્રવાહમાં વહી ગયો હતો.


આ કરુણ ઘટના માટે જેટલી જવાબદાર યુવાનોની અગમચેતી છે, તેનાથી વધુ જવાબદાર તંત્રની ઘોર નિષ્ક્રિયતા છે. ગોલ્ડનબ્રિજ જેવો સંવેદનશીલ વિસ્તાર જ્યાં લોકોની અવરજવર વધુ હોય છે, ત્યાં સુરક્ષાના કોઈ જ પાકા બંદોબસ્ત જોવા મળતા નથી. વહીવટી તંત્ર અને નગરપાલિકા માત્ર દુર્ઘટના બાદ જાગે છે. હાલમાં ફાયર વિભાગ અને સ્થાનિક તરવૈયાઓ નયનની શોધખોળ કરી રહ્યા છે, પરંતુ કાદવ અને ઊંડા પાણીને કારણે મુશ્કેલી પડી રહી છે. પોલીસ માત્ર કાગળ પરની કાર્યવાહીમાં વ્યસ્ત છે. શું એક યુવાનનો જીવ જોખમમાં મૂકાયા બાદ જ તંત્રને હોશ આવશે? નદી કિનારે ચેતવણીના બોર્ડ કે સિક્યોરિટી ગાર્ડ રાખવામાં તંત્રને કયા અવરોધો નડે છે તે એક મોટો સવાલ છે. 'દૈનિક પલ્સ સમાચાર' પૂછે છે કે શું હવે વહીવટી તંત્ર આ મોતના કિનારાઓને સુરક્ષિત બનાવશે?




**ભરૂચના ગોલ્ડનબ્રિજ પર સેલ્ફીનો ક્રેઝ જીવલેણ સાબિત થયો છે. નર્મદા કિનારે ફોટા પાડતી વખતે પગ લપસતા બહેનને બચાવવા જતા ભાઈ નયન વસાવા નદીમાં લાપતા થયો છે. પ્રતિબંધિત વિસ્તારોમાં તંત્રની નબળી સુરક્ષા વ્યવસ્થા ફરી એકવાર ઉઘાડી પડી છે.**

## DGVCL વાયર ચોરીનો ભેદ ઉકેલાયો, એકની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓનો આલેખ ઉંચો જઈ રહ્યો છે, જેમાં હવે સરકારી વીજ કંપની DGVCL પણ સુરક્ષિત નથી. પાલેજ સબ ડિવિઝનના વરેડિયા ગામની સીમમાં લાઈન સમારકામ દરમિયાન ૩૬૦ મીટર વાયરની ચોરી થઈ હોવાનું બહાર આવતા તંત્રની પોલ ખુલી ગઈ છે. પાલેજ પોલીસના પી.આઈ. એ.એ. ચૌધરીની ટીમે ટેકનિકલ એનાલિસિસ દ્વારા આરોપી સુનિલ કાલબેલિયાને વરેડિયા ચોકડી પાસેથી છકડા ટેમ્પો અને ચોરાયેલા મુદ્દામાલ સાથે દબોચી લીધો છે. જોકે, આ ધરપકડ માત્ર એક શરૂઆત છે. નેશનલ હાઈવે ૪૮ જેવા અત્યંત વ્યસ્ત વિસ્તારમાં આવી ચોરીઓ થવી એ પોલીસના ખબરી તંત્ર અને રાત્રિ પેટ્રોલિંગની નિષ્ફળતા દર્શાવે છે. પકડાયેલ આરોપી મૂળ રાજસ્થાનનો છે, જે સૂચવે છે કે પરપ્રાંતીય તસ્કરો માટે પાલેજ અને આસપાસના વિસ્તારો સોફ્ટ ટાર્ગેટ બની રહ્યા છે. શું પોલીસ આવી ચોરીઓ અટકાવવા માટે કોઈ નક્કર પ્લાન બનાવશે કે પછી માત્ર ગુના નોંધાયા બાદ દોડધામ કરશે? **રિપોર્ટ : શૈલેષ સોલંકી**



## અંકલેશ્વર: રહેણાંક મકાનમાંથી લાખોનો દારૂ ઝડપાયો, પોલીસની કામગીરી સામે સવાલ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ ડામવા માટે આઈજી અને એસપી ભલે આદેશો છોડતા હોય, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. અંકલેશ્વરના નવા છાપરા ગામના પટેલ ફળિયામાં જે રીતે દારૂનો જથ્થો પકડાયો છે, તે પોલીસની આબરૂના લીરેલીરા ઉડાડી રહ્યો છે. વિગ્નેશ વસાવા નામનો બુટલેગર પોતાના રહેણાંક મકાનમાંથી જ લાખોનો વિદેશી દારૂ વેચી રહ્યો હતો અને પોલીસ ઉંઘતી રહી હતી.

એલસીબીની ટીમે બાતમીના આધારે અહીં છાપો મારીને રૂ. ૨,૯૯,૪૭૫/- ની કિંમતનો દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કર્યો છે. હકીકતમાં, આ ઓપરેશન બાદ અનેક સવાલો ઉભા થયા છે. રહેણાંક વિસ્તારમાં ૬૬૬ નંગ બોટલો પહોંચાડનાર કોણ હતું? શું સ્થાનિક બી-ડિવિઝન પોલીસને આ વેચાણની ખબર નહોતી? પોલીસે વિગ્નેશને તો ઝડપ્યો છે, પણ બે અન્ય મુખ્ય આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. આ કિસ્સો સાબિત કરે છે કે ગુજરાતમાં દારૂબંધીના કાયદાની સરેઆમ અવગણના થઈ રહી છે. બુટલેગરો હવે ગલીઓ અને મકાનોમાં અડ્ડા જમાવી રહ્યા છે, જે યુવાધનને બરબાદ કરી રહ્યા છે. શું તંત્ર માત્ર આંકડાઓ બતાવવા પૂરતી જ કામગીરી કરશે કે પછી આ દૂષણને જડમૂળથી ઉખેડી ફેંકશે? **રિપોર્ટ : શૈલેષ સોલંકી**



**ભરૂચમાં નશાબંધીના કાયદાના ધજાગરા ઉડી રહ્યા છે. અંકલેશ્વરના નવા છાપરા ગામે રહેણાંક મકાનમાંથી લાખોનો વિદેશી દારૂ ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. કડક સુરક્ષાના દાવાઓ વચ્ચે બુટલેગરો ઘર બેઠા દારૂનું વેચાણ કરી રહ્યા છે, જે પોલીસની કામગીરી પર સવાલ ઉભા કરે છે.**

## રાધનપુર રોડ પર જીતુભાઈ પટેલ કરી રહ્યા છે ટ્રાફિક સેવા

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણાના વ્યસ્ત રાધનપુર રોડ પર ટ્રાફિકની સમસ્યા દિન-પ્રતિદિન વકરી રહી છે. ખાસ કરીને રાજધાની ચોકડી વિસ્તારમાં વાહનોની એક-એક કિલોમીટર લાંબી કતારો લાગતી હોય છે, જેના કારણે વાહનચાલકોનો કિંમતી સમય વેડફાય છે. આ વિકટ પરિસ્થિતિમાં મહેસાણાના સેવાભાવી જીતુભાઈ પટેલે માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. જીતુભાઈ દરરોજ પોતાના સમયમાંથી એક કલાક ફાળવીને રાજધાની ચોકડી પર સ્વયંસેવક તરીકે ટ્રાફિક નિયમન માટે ઉભા રહે છે. તેમના પ્રયાસોથી ટ્રાફિકમાં થોડી રાહત તો મળે છે, પરંતુ સમસ્યાની ગંભીરતા જોતા આ પૂરતું નથી. સ્થાનિક રહિશો અને વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે કે આટલા વ્યસ્ત રોડ પર પોલીસની ગેરહાજરી કેમ છે? જો પોલીસ પ્રશાસન દ્વારા રાજધાની ચોકડી પર કાયમી ટ્રાફિક પોલીસ પોઈન્ટ મૂકવામાં આવે, તો ટ્રાફિકની આ જટિલ સમસ્યા હલ થઈ શકે છે. જીતુભાઈની નિઃસ્વાર્થ સેવાને બિરદાવવાની સાથે લોકો હવે તંત્ર પાસે નક્કર કાર્યવાહીની અપેક્ષા રાખી રહ્યા છે.



## અંબાજી પરિક્રમા મહોત્સવમાં યાત્રિકો માટે નિશુલ્ક સુવિધાઓ

**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીના ગબ્બર ખાતે '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬'નું સફળ આયોજન સંપન્ન થયું છે. ૩૦ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલા આ મહોત્સવમાં ગુજરાત અને અન્ય રાજ્યોના લાખો શ્રદ્ધાળુઓએ એક જ સ્થળે ૫૧ શક્તિપીઠોના આબેહૂબ દર્શનનો લાહવો લીધો હતો. સમગ્ર ગબ્બર વિસ્તાર 'જય અંબે'ના નાદથી ગુંજી ઉઠ્યો હતો.

કલેક્ટર મિહિર પટેલ અને અંબાજી ટ્રસ્ટના નેતૃત્વમાં યાત્રિકો માટે અભૂતપૂર્વ સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. અંબિકા ભોજનાલય અને કોલેજ રોડ જેવા કેન્દ્રો પર નિશુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી. ડીસાના ઝાબડિયા ગામના માયાબેન જેવા અનેક શ્રદ્ધાળુઓએ જણાવ્યું કે, સરકારની નિશુલ્ક બસ સેવા અને ઉત્તમ વ્યવસ્થાઓને કારણે તેમની યાત્રા ખૂબ જ સુગમ બની છે. યાત્રિકોની વિશાળ ભીડ છતાં સચોટ આયોજનને લીધે ક્યાંય અવ્યવસ્થા જોવા મળી નહોતી. પીવાના પાણીથી લઈને આરોગ્યલક્ષી સેવાઓ સ્થળ પર જ ઉપલબ્ધ કરાવીને તંત્રએ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



**મહેમદાવાદના હલધરવાસમાં સરપંચ દક્ષાબેનના હસ્તે નવીન ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત. ગામના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત.**

## ભરૂચ: નેશનલ આઈસસ્ટોક ચેમ્પિયનશિપમાં તન્મય વસાવાએ મેળવી ભવ્ય જીત

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાના થવા ગામના યુવા ખેલાડી તન્મય વસાવાએ નેશનલ આઈસસ્ટોક ચેમ્પિયનશિપમાં 3 મેડલ્સ જીતીને ઇતિહાસ રચ્યો છે. રાષ્ટ્રીય કક્ષાની આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં કઠિન સ્પર્ધકો સામે ઝઝૂમીને તન્મયે મેળવેલી આ જીત તેના વર્ષોના પરિશ્રમ અને રમત પ્રત્યેના સમર્પણનું પરિણામ છે.

તન્મય વસાવાના આ શાનદાર પ્રદર્શનથી થવા ગામ અને નેત્રંગ પંથકમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે. સોશિયલ મીડિયા પર પણ આ યુવા ખેલાડીને અભિનંદન આપતી પોસ્ટ્સનો મારો જોવા મળી રહ્યો છે. સ્થાનિક આગેવાનોએ આ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, તન્મયે સીમિત સંસાધનો છતાં રાષ્ટ્રીય સ્તરે જે નામ કમાયું છે તે જિલ્લાના અન્ય યુવાનો માટે એક નવી ઉર્જા આપનારું છે. ખાસ કરીને આઈસસ્ટોક જેવી રમતોમાં ગુજરાતના ખેલાડીઓ જ્યારે મેડલ જીતે છે ત્યારે રાજ્યના રમતગમત ક્ષેત્ર માટે આ ખૂબ જ પ્રોત્સાહક સમાચાર ગણાય છે. તન્મયની આ સિદ્ધિ બદલ તેને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ સ્તરેથી સન્માન કરવાની પણ તૈયારીઓ ચાલી રહી છે. આ સફળતાથી જિલ્લામાં અન્ય રમતગમતો પ્રત્યેનો ઉત્સાહ પણ વધુ મજબૂત બન્યો છે અને યુવા ખેલાડીઓમાં રાષ્ટ્રીય કક્ષાએ પહોંચવાની આશા જાગી છે. ભરૂચ જિલ્લાના રમત પ્રેમીઓ આ ગૌરવશાળી ક્ષણને હર્ષોલ્લાસ સાથે ઉજવી રહ્યા છે. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**




**ભરૂચના થવા ગામના તન્મય વસાવાએ નેશનલ આઈસસ્ટોક ચેમ્પિયનશિપમાં 3 મેડલ્સ જીતી જિલ્લાનું નામ રોશન કર્યું છે. રાષ્ટ્રીય સ્તરે ઝળકેલા આ યુવા ખેલાડીની સિદ્ધિને વધાવવા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છે અને તેને ચોમેરથી અભિનંદન મળી રહ્યા છે.**

## અંબાજી ગબ્બર ખાતે ૨.૫૦ કિમીની પરિક્રમા દોડ સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** અંબાજી ગબ્બર ખાતે '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬' ના બીજા દિવસે યુવાશક્તિ અને આસ્થાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. શક્તિપીઠનો મહિમા ગામેગામ પહોંચાડવા માટે ૨.૫૦ કિલોમીટરના પરિક્રમા પથ પર ભવ્ય દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના વહીવટદાર કૌશિક મોદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ દોડ દ્વારા યુવા પેઢીમાં શ્રદ્ધા અને સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ વધે તેવો પ્રયાસ કરાયો છે.

જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. હિતેશ પટેલના જણાવ્યા મુજબ, આ સ્પર્ધામાં ઓપન કેટેગરી, સરકારી કર્મચારીઓ, તેમજ યુવક-યુવતીઓ સહિત કુલ ૧૦૧૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ આવનારને રૂ. ૫૧૦૦, દ્વિતીયને રૂ. ૩૧૦૦ અને તૃતીય વિજેતાને રૂ. ૨૧૦૦ સાથે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. શાળા-કોલેજના વિદ્યાર્થીઓથી લઈને વડીલો સુધીના તમામ વર્ગના લોકોએ અત્યંત ઉત્સાહપૂર્વક દોડીને આ મહોત્સવની રોનક વધારી હતી. આ આયોજન છેલ્લા બે વર્ષથી મહોત્સવનું મુખ્ય આકર્ષણ બની રહ્યું છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



## લધરવાસ ગામે ખોડિયાર માતાજીના ૨૧માં પાટોત્સવની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લામાં ધાર્મિક મહત્વ ધરાવતા મહેમદાવાદ તાલુકાના હલધરવાસ ગામે ભક્તિનું પૂર ઉમટ્યું હતું. અહીં વાત્રક નદીના મનોહર કિનારે બિરાજતા માં ખોડિયારના સાનિધ્યમાં મંદિરના ૨૧માં પાટોત્સવની ભવ્ય અને પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. ૨૧ વર્ષના આ મંગલ સફરની ઉજવણીમાં આસ્થાનો અનોખો ત્રિવેણી સંગમ રચાયો હતો. સવારથી જ મંદિરના શિખર પર લહેરાતી ધજા અને વાત્રકના નીરના દર્શન સાથે શ્રદ્ધાળુઓએ માતાજીના દ્વારે શીશ નમાવ્યું હતું.



પાટોત્સવ નિમિત્તે મંદિરમાં વિશેષ મહાપૂજા, અભિષેક અને અન્નકૂટ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગની ગરિમા વધારવા માટે આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી હજારોની મેદની ઉમટી પડી હતી. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત વકીલ શ્રી ચિરાગભાઈ ત્રિવેદીએ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા, ઉત્સવની વ્યવસ્થા સંભાળતા તમામ સ્વયંસેવકોને ટી-શર્ટનું વિતરણ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ સેવાકીય કાર્યની હાજર રહેલા તમામ ભાવિકોએ પ્રશંસા કરી હતી.

સમસ્ત અજીયાત વર્ગના લોકોમાં આ ૨૧માં પાટોત્સવને લઈને એક વિશિષ્ટ પ્રકારનો ઉમંગ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ શિસ્તબદ્ધ રીતે માતાજીના દર્શન કર્યા હતા અને વાત્રક કિનારે ભક્તિમય સમય વિતાવ્યો હતો. હલધરવાસ ગામના યુવાનો અને અગ્રણીઓએ પાટોત્સવના સુચારુ સંચાલન માટે સુંદર વ્યવસ્થા કરી હતી. માતાજીના જયઘોષ અને ભજનોથી સમગ્ર હલધરવાસ પંથક ગાજી ઉઠ્યો હતો. આ મહોત્સવ માત્ર ધાર્મિક ઉજવણી જ નહીં, પરંતુ ભાઈચારા અને સામાજિક સમરસતાનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અંતે આભારવિધિ અને મહાપ્રસાદ સાથે આ મંગલમય પાટોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી. **રિપોર્ટ : ખાંટ મનુભાઈ**

# મહેસાણા: સુરક્ષાના દાવા વચ્ચે વાહનોના કાચ તોડતી ગેંગનો રીઢો તસ્કર ઝડપાયો

## મહેસાણામાં ગાડીના કાચ તોડતો તસ્કર દબોચાયો

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણા શહેર અને જીલ્લામાં ચોર ટોળકીઓ બેફામ બની છે, જેના કારણે સામાન્ય જનતા પોતાની ગાડીઓમાં સામાન મુકતા પણ ડરી રહી છે. કાચ તોડીને ચોરી કરવાની વધતી જતી ઘટનાઓ વચ્ચે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક સફળતા હાંસલ કરી છે. છેલ્લા ઘણા સમયથી કડી પોલીસની આંખમાં ધૂળ નાખીને નાસતા ફરતા મહારાષ્ટ્રના રીઢા આરોપી સેગર પલ્લીસ્વામી નાયડુને શિલ્પા ચોકડી પાસેથી દબોચી લેવામાં આવ્યો છે. પરંતુ, આ ધરપકડ પોલીસની કામગીરી કરતા જીલ્લામાં વકરી રહેલી ગુનાખોરી તરફ વધુ આંગળી ચીંધે છે. ગાંધીનગર રેન્જના ડીઆઈજી વિરેન્દ્રસિંહ યાદવ અને મહેસાણા એસપી હિમાંશુ સોલંકીની સૂચના મુજબ એલસીબી પીઆઈ એન.આર. વાઘેલાની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું છે. બાતમીના આધારે પકડાયેલ આ આરોપીની ખાસિયત એ છે કે તે ગાડીઓના કાચ તોડી અંદર રાખેલી કિંમતી બેગની ચોરી કરતો હતો. આવા શાતિર ગુનેગારો માત્ર મહેસાણા જ નહીં પણ સમગ્ર ગુજરાતના અલગ-અલગ જીલ્લાઓમાં નેટવર્ક ધરાવતા હોય છે. આરોપી સેગર નાયડુ મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાનો છે. એક પરપ્રાંતીય આરોપી મહેસાણામાં આવીને ગુના આચરે અને મહિનાઓ સુધી નાસતો ફરે તે પોલીસની ઇન્ટેલિજન્સ સિસ્ટમ પર સવાલ ઉભા કરે છે. શું પોલીસ પાસે જીલ્લામાં પ્રવેશતા શંકાસ્પદ તત્વોનો કોઈ ડેટા નથી? ભલે અત્યારે આ એક આરોપી જેલના સળિયા પાછળ ગયો હોય, પણ કાચ તોડતી ગેંગના અન્ય સાગરીતો હજુ પણ બહાર હોવાની પૂરેપૂરી શક્યતા છે. જનતાના પરસેવાની કમાણી પર તરાપ મારતા આવા તત્વો સામે માત્ર પકડવાની ડ્રાઈવ પૂરતી નથી, પરંતુ ગુના રોકવા માટેની કડક પેટ્રોલિંગ સિસ્ટમની જરૂર છે. 'દૈનિક પલ્સ સમાચાર' પૂછે છે કે શું હવે મહેસાણાની જનતા નિર્ભય બની પોતાની ગાડીઓ પાર્ક કરી શકશે?

**મહેસાણામાં સુરક્ષાના દાવાઓ વચ્ચે વાહનોના કાચ તોડી બેગ ચોરતી ગેંગનો આતંક યથાવત છે. એલસીબીએ શિલ્પા ચોકડીથી મહારાષ્ટ્રના રીઢા તસ્કર સેગર નાયડુને દબોચી લીધો છે. કાયદાના ડર વગર અન્ય રાજ્યોના ગુનેગારો મહેસાણાને સોફ્ટ ટાર્ગેટ બનાવી રહ્યા છે. રિપોર્ટ : ભુરાજી ઝાલા**

# 72 ગામ વણકર સમાજનો 8મો ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ઇડર તાલુકાના 72 ગામ વણકર સમાજ દ્વારા આયોજિત 8મા સમૂહ લગ્નોત્સવે સામાજિક સમરસતાની નવી મિશાલ કાયમ કરી છે. ઇડર શહેરના સહકારી જીન મેદાનમાં યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં 42 નવદંપતીઓએ શાસ્ત્રોક્ત વિધિથી લગ્નગ્રંથિમાં જોડાઈ નવું જીવન શરૂ કર્યું હતું. વણકર સમાજ વર્ષોથી સૂતરના તાંતણે કપડાં વણીને માનવ સન્માનનું રક્ષણ કરવાની પરંપરા નિભાવતો આવ્યો છે.

આ લગ્નોત્સવમાં રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રમણલાલ વોરા, મહંત શંભુનાથ ટુંડિયા, મણિલાલ વાઘેલા, ઇડર તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ જેવા દિગ્ગજ નેતાઓએ હાજરી આપી હતી. તમામ પધારેલા મહાનુભાવોનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. વક્તાઓએ વણકર સમાજના રત્નો એવા સ્વ. નરેશ કનોડિયા, મહેશ કનોડિયા અને મણિરાજ બારોટની કલાયાત્રાને યાદ કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે આવા સામૂહિક આયોજનો સમાજના ઉત્થાન માટે ખૂબ જરૂરી છે. વીર મેઘમાયાના વારસાને જાળવતા આ સમાજે આજે ફરી એકવાર પોતાની સંગઠન શક્તિ બતાવી છે. 72 ગામોના વડવાઓ અને યુવાનોએ સાથે મળીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. નવદંપતીઓને વિવિધ ભેટ-સોગાદો અને આશીર્વાદ આપીને મંગલ વિદાય આપવામાં આવી હતી. સમગ્ર ઇડર પંથકમાં આ સમૂહ લગ્નોત્સવની ચર્ચાઓ જોવા મળી રહી છે.

**રિપોર્ટ : જનક જાદવ**



# પોશીનામાં વેગનઆર કારમાંથી 3 કિલો ગાજો ઝડપાયો, એકની

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યમાં નશીલા પદાર્થોની હેરાફેરી એક ગંભીર દૂષણ બની રહી છે, જેમાં પોલીસની કડક કાર્યવાહીના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. તાજો કિસ્સો સાબરકાંઠાના પોશીના વિસ્તારનો છે, જ્યાં નશાના કારોબારીઓ બેખોફ બનીને ગાજાનું વેચાણ કરી રહ્યા છે. બાતમી મળતા જ પોલીસે વેગનઆર કાર (GJ 23 M 4117) ને રોકી તપાસ કરતા તેમાંથી ૩.૧૧૨ કિલોગ્રામ સૂકો ગાજો મળી આવતા ચકચાર મચી ગઈ છે. પોલીસે નશીલા પદાર્થ, મોબાઈલ અને કાર સહિત કુલ રૂ. ૩.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપી દીતાભાઈ બુબડીયા વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ કાર્યવાહી તો શરૂ કરાઈ છે, પરંતુ આ ઘટના એ વાતનો પુરાવો છે કે પ્રતિબંધ માત્ર કાગળ પર જ સીમિત છે. નશાના વધતા બનાવો પોલીસ મથકોએ નોંધાતી ફરિયાદોમાં સતત વધારો કરી રહ્યા છે. પોશીના પી.આઈ. ડી.એન. સાધુના માર્ગદર્શન હેઠળ થયેલી આ કાર્યવાહીમાં ભલે એક શખ્સ પકડાયો હોય, પણ સવાલ એ છે કે આટલી મોટી માત્રામાં ગાજો ક્યાંથી આવ્યો અને તેનો અસલી આકા કોણ છે? વારંવાર પકડાતા નશીલા પદાર્થો દર્શાવે છે કે સરહદી વિસ્તારોમાં ચેકિંગના નામે માત્ર દેખાડો થઈ રહ્યો છે અને ગુનેગારો પોલીસની નજર ચૂકવીને ઝેર પીરસવામાં સફળ થઈ રહ્યા છે.

**રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠાના પોશીનામાં નશાના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. પ્રતિબંધ છતાં બેફામ વેચાતા નશીલા પદાર્થો વચ્ચે પોલીસે વેગનઆર કારમાંથી 3 કિલોથી વધુ ગાજો ઝડપી પાડ્યો છે. તંત્રની કડકાઈના દાવાઓ વચ્ચે નશાના સોદાગરો હજુ પણ સક્રિય હોવાનું સામે આવ્યું છે.**

# અંબિકા માતાજીનો પાટોત્સવ ઉજવાયો, હર્ષ સંઘવી રહ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના ઇડર પંથકમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે વડિયાવીર ગામે અંબિકા માતાજીના ૧૪મા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી. મહંત બુદ્ધિગીરી શીતલગીરી મહારાજ જનસેવા પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ગાદીપતિ શાંતિગીરી મહારાજની નિશ્રામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬, શનિવારના રોજ યોજાયેલા આ મહોત્સવમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવાના હતા, જેને લઈને સ્થાનિકોમાં ભારે ઉત્સાહ હતો.

પરંતુ, છેલ્લી ઘડીએ કોઈ અનિવાર્ય સંજોગોને કારણે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો પ્રવાસ રદ થતા અને અન્ય કેટલાક આમંત્રિત મહેમાનો ન આવી શકતા શ્રદ્ધાળુઓમાં નિરાશા જોવા મળી હતી. આ હોવા છતાં, કાર્યક્રમની ગરિમા જળવાઈ રહી હતી. ઇડરના ધારાસભ્ય રમણલાલ વોરા, સાંસદ શોભનાબેન બારૈયા, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ અને તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ જેવી હસ્તીઓએ હાજર રહી માતાજીના આશીર્વાદ લીધા હતા. સાધુ-સંતોમાં મહાકાલેશ્વર મહાદેવના મહંત મહંકાલગીરી મહારાજ સહિત અન્ય સંતોની હાજરીથી વાતાવરણ મંત્રમુગ્ધ બની ગયું હતું. હર્ષ સંઘવીની ગેરહાજરી છતાં, આયોજકો અને સંતોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. માતાજીના પાટોત્સવમાં પૂજાવિધિ અને અન્ય ધાર્મિક વિધિઓ ખૂબ જ શાંતિપૂર્ણ અને ભક્તિભાવપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી.

**રિપોર્ટ : જનક જાદવ**

**જાહેરાત અને સમાચાર આપવા કોલ કરો ૯૯૦૯૯૧૧૧૭૫**




# તંત્રી લેખ: સરકારી બાબુઓ માટે 'દિવાળી', પણ સામાન્ય જનતા માટે કેમ 'દિવાળું'?

કેન્દ્રીય બજેટ ૨૦૨૬ના આંકડાઓ જ્યારે સંસદના પટલ પર રજૂ થયા, ત્યારે ફરી એકવાર એ જ જૂનો સવાલ ઊભો થયો છે: આ દેશમાં શું માત્ર ઉદ્યોગપતિઓ અને સરકારી તંત્ર જ પ્રાથમિકતામાં છે? બજેટમાં MSME માટે ૧૦ હજાર કરોડ અને નાના ઉદ્યોગો માટે હજારો કરોડની લ્હાણી કરવામાં આવી છે. સરકારી અધિકારીઓ (બાબુઓ) માટે નવી યોજનાઓ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને ટેક્નોલોજી પાછળ અબજોના આંધણ કરવાની તૈયારીઓ બતાવાઈ છે. પરંતુ, આ બધાની વચ્ચે મધ્યમ વર્ગ અને નોકરિયાત વર્ગનો અવાજ ક્યાંક દબાઈ ગયો હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

સરકાર જ્યારે 'આત્મનિર્ભર ભારત'ની વાત કરે છે, ત્યારે તેનો પાયો એ મધ્યમ વર્ગ છે જે ઈમાનદારીથી ટેક્સ ભરે છે. આ વખતે અપેક્ષા હતી કે મોંઘવારીના આક્રમણ વચ્ચે ઇન્કમ ટેક્સ સ્લેબમાં કોઈ મોટી રાહત મળશે. પરંતુ નાણામંત્રીએ ટેક્સ લિમિટ વધારવાને બદલે 'આવક વધારવા'ના ગુલાબી સપના બતાવીને મધ્યમ વર્ગના હાથમાં નિરાશાનું પડીકું પકડાવી દીધું છે. સવાલ એ થાય છે કે, શું સરકારને ખરેખર ખબર છે કે એક સામાન્ય પરિવાર મોંઘા અનાજ, શિક્ષણ અને દવાઓના ખર્ચ વચ્ચે કેવી રીતે જીવન વિતાવે છે?

એક તરફ સરકારી બાબુઓ માટે નવી સુવિધાઓ અને વહીવટી સુધારાના નામે મોટા ફંડ ફાળવવામાં આવે છે, જે ઘણીવાર ફાઈલો અને ભ્રષ્ટાચારની ભેટ ચઢી જાય છે. બીજી તરફ, મધ્યમ વર્ગને 'સિંગલ વિન્ડો સિસ્ટમ' અને 'ડિજિટલ ઇન્ડિયા'ના નામે માત્ર ઓનલાઈન ફોર્મ ભરવામાં ગુંચવી દેવામાં આવે છે. સેમીકન્ડક્ટર અને બાયોફાર્મા જેવા હાઈ-ટેક ક્ષેત્રોમાં રોકાણ આવકાર્ય છે, પરંતુ જેમના રસોડામાં ગેસના બાટલાના અને તેલના ડબ્બાના ભાવ આસમાને પહોંચ્યા છે, તેમને આ હાઈ-ટેક વાતોથી શું ફાયદો? યુવાઓ માટે AI અને સ્પોર્ટ્સના મોટા દાવાઓ કરાયા છે, પરંતુ બેરોજગારીના ડામ પર મલમ લગાડે તેવી કોઈ નક્કર જોગવાઈ બજેટમાં દેખાતી નથી. ગર્લ્સ હોસ્ટેલ અને મહિલા સશક્તિકરણના વાયદાઓ કાગળ પર તો આકર્ષક લાગે છે, પણ તેનો અમલ ક્યારે થશે? શું તે પણ સરકારી ફાઈલોની જેમ બાબુઓના ટેબલ પર ધૂળ ખાશે?

સરકારે સમજવું પડશે કે આ દેશ સરકારી તંત્ર કે ઉદ્યોગપતિઓથી નથી ચાલતો, પણ એ કરોડો લોકોથી ચાલે છે જેઓ સવારથી સાંજ સુધી લોહી-પરસેવો પાડીને દેશની અર્થવ્યવસ્થામાં પોતાનું યોગદાન આપે છે. જો આ 'ઈકોનોમિક એન્જિન' (મધ્યમ વર્ગ) જ નિરાશામાં ડૂબી જશે, તો વિકાસના આંકડાઓ માત્ર કાગળ પરના કાગળ રહી જશે. બજેટમાં ઉદ્યોગો માટેની 'ખુશીઓ' ચોક્કસ છે, પણ મધ્યમ વર્ગ માટે તો આ બજેટ 'આવશે કાલે, મળશે કાલે' જેવો એક જૂનો અને જાણીતો ખેલ જ સાબિત થયો છે.

હવે સમય પાકી ગયો છે કે સરકાર પોતાની દૃષ્ટિ બદલે. માત્ર 'સરકારી બાબુઓ' અને 'કોર્પોરેટ મિત્રો'ના બજેટ બનાવવાને બદલે, મધ્યમ વર્ગના રસોડાની ચિંતા કરે. જો રક્ષક જ ભક્ષક જેવી નીતિ અપનાવીને સામાન્ય માણસના ખિસ્સા પર બોજ વધારશે, તો 'સબકા સાથ, સબકા વિકાસ'નો નારો માત્ર એક રાજકીય જુમલો બનીને રહી જશે.

# થરાદ: સંત શિરોમણી રોહીદાસ બાપુની જન્મજયંતી નિમિત્તે નીકળી ભવ્ય રેલી

**દૈનિક પલ્સ સમાચાર**: થરાદના ઈતિહાસમાં સંત શિરોમણી રોહીદાસ બાપુની 649મી જન્મજયંતીની ઉજવણી યાદગાર બની રહી. આ અવસરે યોજાયેલી ભવ્ય રેલીમાં ભક્તિ અને શક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. જામનાથ બાપુના આશ્રમથી પ્રારંભ થયેલી આ રેલીમાં સાધુ-સંતોના આશીર્વાદ અને શ્રદ્ધાળુઓના જયઘોષથી આખું શહેર ભક્તિમય બની ગયું હતું. 18 આલમના લોકોએ સાથે મળીને આ ઉત્સવને વધાવી લીધો હતો. રેલી જ્યારે શહેરના માર્ગો પરથી પસાર થઈ ત્યારે વિવિધ સંગઠનો અને સમાજો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા દ્વારા સમાજમાં વ્યાપેલા ભેદભાવ ભૂલીને એકતા, સમતા અને સમરસતાનો સંદેશ ફેલાવવામાં આવ્યો હતો. સંત રોહીદાસના ભજનો અને સૂત્રોચ્ચારોએ લોકોમાં નવી ચેતના જગાડી હતી. હનુમાન ગોળાઈ સુધી પહોંચતા સુધીમાં રેલીમાં માનવમહેરામણ ઉમટી પડ્યો હતો. સ્થાનિક આગેવાનોએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી સામાજિક ભાઈચારો વધુ મજબૂત બને છે. સંત રોહીદાસ બાપુના મૂલ્યો અને તેમની માનવતાવાદી વિચારધારા આજે પણ એટલી જ પ્રસ્તુત છે. આ ઉજવણીમાં મહિલાઓ અને યુવાનો પણ મોટી સંખ્યામાં પરંપરાગત પોશાકમાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને આનંદદાયક વાતાવરણમાં પૂર્ણ થયો હતો, જેણે થરાદમાં એકતાની નવી મિશાલ કાયમ કરી છે. અને લોકોએ પરસ્પર ગળે મળીને જન્મજયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી. આ ભવ્ય ઉજવણીએ સાબિત કર્યું કે સંતોના વિચારો આજે પણ સમાજને જોડવાનું કામ કરે છે. કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા તમામ સહભાગીઓનો આભાર માનવામાં આવ્યો હતો અને બાપુના આશીર્વાદ સાથે સૌએ સુખ-શાંતિની પ્રાર્થના કરી હતી. આ દિવસ થરાદના ઈતિહાસમાં એકતાના પ્રતીક તરીકે અંકિત થઈ ગયો છે.



**થરાદમાં સંત શિરોમણી રોહીદાસ બાપુની 649મી જન્મજયંતીની ધામધૂમથી ઉજવણી કરાઈ. જામનાથ બાપુના આશ્રમથી હનુમાન ગોળાઈ સુધી નીકળેલી ભવ્ય રેલીમાં વિવિધ સમાજના લોકો અને સાધુ-સંતો જોડાયા હતા. આ પ્રસંગે શહેરમાં એકતા, ભાઈચારા અને માનવતાનો પવિત્ર સંદેશ ફેલાવવામાં આવ્યો હતો.**

# ધાનપુર: BSF ટ્રેનિંગ પૂર્ણ કરી વતન પરત ફરેલા જવાનનું ભવ્ય સ્વાગત

**દૈનિક પલ્સ સમાચાર:** ધાનપુર તાલુકાના ભોરવા ગામ માટે ૧ ફેબ્રુઆરી ૨૦૨૬નો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. આ ગામના તેજસ્વી યુવાન પટેલ હરેશભાઈ બાબુભાઈએ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ની અત્યંત કઠિન અને પડકારજનક ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરીને વતનમાં પગ મૂક્યો હતો. જવાનના સ્વાગત માટે ભોરવા ગામ અને આસપાસના પંથકના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

સવારે ૧૦:૦૦ વાગ્યાથી જ અગાસવાણી ચોકડી પાસે સેંકડોની સંખ્યામાં જનમેદની એકઠી થઈ હતી. ત્યાંથી શરૂ થયેલી ભવ્ય શોભાયાત્રા ભોરવા તળાવ ફળિયા સુધી પહોંચી હતી. આ સ્વાગત રેલીમાં દેશભક્તિના ગીતો, ઢોલ-નગારા અને ત્રિરંગા સાથે યુવાનો જોડાયા હતા. હરેશભાઈ પર ઠેર-ઠેર પુષ્પવર્ષા કરવામાં આવી અને વડીલોએ આશીર્વાદ આપ્યા હતા. દેશની સુરક્ષા કાજે પોતાનું જીવન સમર્પિત કરનાર જવાનને જોઈને ગ્રામજનોની આંખોમાં હર્ષના આંસુ જોવા મળ્યા હતા.

સ્વાગત કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનોએ હરેશભાઈનું સન્માન કરતા જણાવ્યું કે, એક સામાન્ય પરિવારમાંથી આવતા યુવાને દેશની સીમાઓની રક્ષા કરવાનું બીડું ઝડપ્યું છે તે ગૌરવની વાત છે. આ સફળતા પાછળ હરેશભાઈનો અથાક પરિશ્રમ અને તેમના પરિવારના સંસ્કારો રહેલા છે. હરેશભાઈએ પોતાની આ ઉપલબ્ધિ બદલ માતા-પિતા અને ગુરુજનોનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે દેશની સેવા કરવી એ તેમના જીવનનું સૌથી મોટું સૌભાગ્ય છે.

આ ભવ્ય રેલીમાં ધાનપુર તાલુકાના વિવિધ ગામોના લોકો અને દેશપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમના અંતે ગગનભેદી નારાઓ સાથે વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું. હરેશભાઈની આ સિદ્ધિથી ભોરવા ગામના અન્ય યુવાનોમાં પણ સંરક્ષણ દળોમાં જોડાવાની પ્રેરણા જાગી છે. આ પ્રસંગ માત્ર એક વ્યક્તિના સ્વાગતનો ન હતો, પરંતુ રાષ્ટ્રવાદ અને વીરતાના સન્માનનો ઉત્સવ બની રહ્યો હતો.

**રિપોર્ટ – નરેન્દ્રસિંહ ચૌહાણ**



**ધાનપુરના ભોરવા ગામના યુવક હરેશભાઈ પટેલ BSFની ટ્રેનિંગ પૂર્ણ કરી વતન પરત ફરતા ભવ્ય સ્વાગત કરાયું. અગાસવાણી ચોકડીથી ભોરવા સુધી યોજાયેલી રેલીમાં ગ્રામજનોએ ઢોલ-નગારા સાથે જવાનને વધાવ્યા હતા. તેમની આ સિદ્ધિથી સમગ્ર દાહોદ જિલ્લાનું ગૌરવ વધ્યું છે.**

# પાલઘર નેશનલ ટગ ઓફ વોર: ગુજરાતની ટીમે જીત્યો ગોલ્ડ અને બ્રોન્ઝ

## ગુજરાતે નેશનલ ટગ ઓફ વોર ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના રમતગમત ઇતિહાસમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. મહારાષ્ટ્રના પાલઘર ખાતે Tug of War Federation of India દ્વારા આયોજિત 38મી જુનિયર નેશનલ આઉટડોર (બીચ) ટગ ઓફ વોર ચેમ્પિયનશિપ 2025–26માં ગુજરાતની ટીમે ઐતિહાસિક દેખાવ કર્યો છે. રાષ્ટ્રીય સ્તરની આ કઠિન સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓએ પોતાની અદભૂત શારીરિક શક્તિ અને એકાગ્રતાનું પ્રદર્શન કરતા ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ કબજે કર્યા છે.

આ સફળતાના મુખ્ય શિલ્પી તરીકે ગેલાણાના શ્રી સુખદેવસિંહ ડાંગરનું નેતૃત્વ અને કોચ શ્રી રાહુલસિંહ બાબરીયાનું સચોટ માર્ગદર્શન મહત્વનું રહ્યું છે. કોચ રાહુલસિંહે ખેલાડીઓમાં એવી જીતની ભાવના જગાવી હતી કે ટીમે શિસ્તબદ્ધ રીતે મેદાનમાં ઉતરીને પ્રતિસ્પર્ધીઓને હંફાવ્યા હતા. બીચ પર રમાતી આ રસાખેંચ સ્પર્ધામાં સંતુલન અને શક્તિનો જે સમન્વય જોઈએ, તે ગુજરાતની ટીમમાં જોવા મળ્યો હતો. ટીમના દરેક સભ્યએ ખેલદિલી સાથે કરેલા શ્રેષ્ઠ પ્રદર્શનને કારણે જ આજે ગુજરાત મેડલ ટેલીમાં આગળ રહ્યું છે.

આ સિદ્ધિએ સાબિત કર્યું છે કે ગુજરાતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેલા ખેલાડીઓ જો યોગ્ય માર્ગદર્શન મળે તો રાષ્ટ્રીય ફલક પર ચમકી શકે છે. ગેલાણા પંથકના અને સમગ્ર ગુજરાતના આ રત્નોએ જે સિદ્ધિ મેળવી છે, તેનાથી અન્ય યુવા ખેલાડીઓને પણ પ્રેરણા મળશે.

આ ભવ્ય વિજય બાદ રાજ્યભરના રમતગમત પ્રેમીઓ, વિવિધ રમત સંસ્થાઓ અને સામાજિક અગ્રણીઓ દ્વારા ટીમને વધાવી લેવામાં આવી છે. સોશિયલ મીડિયા પર પણ અભિનંદનનો ધોધ વહી રહ્યો છે. ગુજરાત સરકાર અને રમતગમત વિભાગ દ્વારા પણ ખેલાડીઓની આ સિદ્ધિને ગૌરવપૂર્વક નોંધવામાં આવી છે. આગામી દિવસોમાં આ વિજેતા ટીમનું ભવ્ય સન્માન કરવામાં આવશે તેવી શક્યતાઓ છે. ખેલાડીઓની આ સખત મહેનત, અડગ આત્મવિશ્વાસ અને રમત પ્રત્યેનું સમર્પણ ખરેખર વંદનીય છે.

**પાલઘર ખાતે આયોજિત 38મી જુનિયર નેશનલ ટગ ઓફ વોર ચેમ્પિયનશિપમાં ગુજરાતની ટીમે ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે. રિપોર્ટ : હર્ષ ભરડા**

# પંચાયત ભવનોના ખાતમુહૂર્ત

## દેવગઢ બારીયાના 5 ગામોમાં પંચાયત ભવનોના ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિકાસને પ્રાથમિકતા આપવાના અભિગમ હેઠળ દેવગઢ બારીયા તાલુકામાં મહત્વના વિકાસલક્ષી કામોનો આરંભ થયો છે. તાલુકાના પાંચ ગામો—માતાના મુવાડા, દસેલાના મુવાડા, ડેમ ખજૂરી, કરણમામાની ખજૂરી અને કેલીયામાં નવીન ગ્રામ પંચાયત ભવનના ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા હતા. આ તમામ કામોનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ તકે બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે ગ્રામ પંચાયત એ લોકશાહીનું પાયાનું એકમ છે. સુવિધાસભર ભવનોના નિર્માણથી ગ્રામીણ કક્ષાએ વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે. આ ભવનો તૈયાર થવાથી સ્થાનિક લોકોને હવે નાના-મોટા સરકારી કામો માટે દૂર સુધી જવું નહીં પડે; જરૂરી દાખલાઓ અને વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આસાનીથી ઉપલબ્ધ થશે. ખાતમુહૂર્ત પ્રસંગે પંચાયતના હોદ્દેદારો, સરકારી અધિકારીઓ અને ગ્રામજનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. આ પ્રોજેક્ટ્સ ગ્રામ્ય જીવનને વધુ સુગમ અને આધુનિક બનાવવાની દિશામાં એક મહત્વનું ડગલું સાબિત થશે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ ચૌહાણ**



# જૂનાગઢ: AI દ્વારા શિક્ષણમાં ઈનોવેશન બદલ શિક્ષકને પ્રથમ એવોર્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના આલીધ્રા ક્લસ્ટરના શિક્ષક શ્રી બહાદુર સિંહ વાળાએ શૈક્ષણિક જગતમાં નવો ઇતિહાસ રચ્યો છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત ઇનોવેશન ફેરમાં તેમના દ્વારા પ્રસ્તુત 'AI બેઝ્ડ એનિમેટેડ એજ્યુકેશન' પ્રોજેક્ટને પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે.

શ્રી વાળાએ આધુનિક ટેકનોલોજી અને સાહિત્યનો અદભૂત સંગમ સાધ્યો છે. તેમણે સ્વ-રચિત કાવ્યસંગ્રહમાંથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરી ગીતોનું એનિમેશન તૈયાર કર્યું છે. આ ઇનોવેશનનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને રમતા રમતા શિક્ષણ આપવાનો અને તેમનામાં માનવીય મૂલ્યોનું સિંચન કરવાનો છે. આ પદ્ધતિથી ૨૮,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જ્ઞાન સાથે મનોરંજન મેળવ્યું છે, જેનાથી તેમની વાંચન અને સમજવાની શક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ કાર્યની પ્રશંસા સમગ્ર શિક્ષણ જગતમાં થઈ રહી છે કારણ કે તે માત્ર સ્થાનિક જ નહીં પણ રાજ્યભરના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક માર્ગદર્શિકા બની શકે છે. જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠતા પુરવાર કર્યા બાદ હવે શ્રી બહાદુર સિંહ વાળા ઝોન કક્ષાના પ્રિપેરેટરી વિભાગમાં જૂનાગઢ જિલ્લાનું નેતૃત્વ કરશે. તેમની આ સિદ્ધિ બદલ શિક્ષણ વિભાગના અધિકારીઓ અને સાથી શિક્ષકોએ તેમને અભિનંદન પાઠવ્યા છે. **રિપોર્ટ : હર્ષ ભરડા**




**જૂનાગઢ જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેરમાં મેંદરડાના શિક્ષક બહાદુર સિંહ વાળાએ પ્રથમ ક્રમ મેળવ્યો છે. તેમણે AI દ્વારા કાવ્ય સંગ્રહનું એનિમેશન તૈયાર કરી શિક્ષણને રસપ્રદ બનાવ્યું છે. આ ઇનોવેશનથી ૨૮,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. હવે તેઓ ઝોન કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.**




# પી.એમ. શ્રી બ્રાન્ચ 4 ગઢડા ખાતે રંગોત્સવની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** ગઢડાની પી.એમ. શ્રી બ્રાન્ચ 4 શાળામાં ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ 'રંગોત્સવ'ની રંગતભરી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને મનોરંજનના હેતુથી યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત મંગલ દીપ પ્રાગટ્ય સાથે થઈ હતી, ત્યારબાદ મંચ પર એક પછી એક શાનદાર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ પોતાની આંતરિક શક્તિઓનું પ્રદર્શન કરતા ગરબા, સાહસિક પિરામિડ, હૃદયસ્પર્શી દેશભક્તિ ગીતો અને સામાજિક સંદેશ આપતા નાટકો રજૂ કર્યા હતા. આ ઉપરાંત એકપાત્રિય અભિનય અને પ્રાચીન નૃત્યએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શારીરિક અને માનસિક સંતુલન દર્શાવતો યોગા ડાન્સ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યો હતો. દરેક કૃતિમાં વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ અને મહેનત સ્પષ્ટપણે દેખાઈ આવતી હતી.

આ પ્રસંગે હાજર રહેલા મહાનુભાવોએ વિદ્યાર્થીઓના કૌશલ્યને બિરદાવ્યું હતું અને શિક્ષણની સાથે ઇતર પ્રવૃત્તિઓના મહત્વ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના સમાપન સમયે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તમામ કલાકારોને પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના આંગણે આયોજિત આ ઉત્સવે વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે એક સંવાદિતાનું વાતાવરણ ઉભું કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ અત્યંત પ્રેરણાદાયી અને યાદગાર રહ્યો હતો. **રિપોર્ટ : મનસુખ વાળા**



**ગઢડાની પી.એમ. શ્રી બ્રાન્ચ 4 શાળામાં રંગોત્સવની ઉજવણી કરાઈ. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ અને યોગા ડાન્સ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા.**

# ગઢડાના સંજય ભગતને આંતરરાષ્ટ્રીય જ્યોતિષ એવોર્ડથી સન્માનિત કરાયા

**દૈનિક પલ્સ સમાચાર:** ગઢડા સ્થિત સર્વોપરી ગૌશાળાના સંચાલક પાર્ષદ સંજય ભગતે જ્યોતિષ અને સામાજિક ક્ષેત્રે વધુ એક યશકલગી ઉમેરી છે. અમદાવાદમાં ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાયેલા 'મિરલ ફાઉન્ડેશન'ના ભવ્ય કાર્યક્રમમાં તેમને "વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સલેન્સ ઇંગ્લેન્ડ" પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. આ મંચ પર જ્ઞાન, પ્રતિભા અને સન્માનનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

સંજય ભગતની સફર પ્રેરણાદાયી રહી છે. વિક્રમ સવંત ૨૦૮૧માં તેમને ત્રણ મહત્ત્વના પુરસ્કારો મળ્યા છે, જેમાં ગુજરાતના ઉપમુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે મળેલ 'એક્સલેન્સ એવોર્ડ' મુખ્ય છે. કાશી જ્યોતિષ મહોત્સવમાં પણ દેશના શ્રેષ્ઠ જ્યોતિષીઓ વચ્ચે તેમનું સન્માન કરાયું હતું. શ્રી ગોપીનાથજી દેવ મંદિરના પૂર્વ પૂજારી રહી ચૂકેલા સંજય ભગત પિતૃ કાર્ય અને વિધિ-વિધાનના પણ નિષ્ણાત છે.

તેમની શક્તિ અને નિષ્ઠાને ધ્યાને રાખીને તેમને ગુજરાત રાજ્ય ગૌરક્ષક કમાન્ડો પ્રમુખ અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર એસોસિએશનના પ્રદેશ પ્રભારી જેવી મહત્વની પદવીઓ સોંપવામાં આવી છે. ગૌસેવાની સાથે સાથે ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે તેમની સતત સક્રિયતાએ તેમને ગુજરાતના ટોચના જ્યોતિષીઓની યાદીમાં સ્થાન અપાવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે મળેલું આ સન્માન ગઢડા અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે.



**ગઢડાની સર્વોપરી ગૌશાળાના સંચાલક સંજય ભગતને અમદાવાદમાં 'મિરલ ફાઉન્ડેશન' દ્વારા 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સલેન્સ ઇંગ્લેન્ડ' એવોર્ડથી સન્માનિત કરાયા છે. જ્યોતિષ અને ગૌસેવા ક્ષેત્રે તેમની નોંધપાત્ર કામગીરી બદલ દેશભરના વિદ્વાનોની ઉપસ્થિતિમાં આ પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. રિપોર્ટ : મનસુખ વાળા**

# બીલખા: સ્મશાનની દીવાલ માટે ગ્રાન્ટ મંજૂર થઈ.

**દૈનિક પલ્સ સમાચાર:** બીલખામાં મેઘવાળ સમાજ માટે સુવિધામાં વધારો કરતા સમાચાર સામે આવ્યા છે. અહીંના અનુસૂચિત જાતિના સ્મશાન ફરતે સુરક્ષા અને વ્યવસ્થા માટે કમ્પાઉન્ડ વોલની જરૂરિયાત હતી. આ મુદ્દે આમ આદમી પાર્ટીના મુખ્ય આગેવાન શ્રી પ્રભુદાસભાઈ ડોબરીયાએ ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલિયાને વિસ્તૃત રજૂઆત કરી હતી. રજૂઆતને ગંભીરતાથી લેતા ધારાસભ્ય દ્વારા પોતાના ફંડમાંથી રૂ. 3.5 લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. લાંબા સમયથી પડતર આ પ્રશ્નનો ઉકેલ આવતા દલિત સમાજના આગેવાનો અને ગ્રામજનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધારાસભ્યના આ લોકઉપયોગી નિર્ણયને સમાજના અગ્રણીઓએ આવકાર્યો છે. હાલમાં આ પ્રોજેક્ટની ફાઇલ વહીવટી પ્રક્રિયા હેઠળ છે. સંબંધિત વિભાગ તરફથી આખરી વહીવટી મંજૂરી મળતાની સાથે જ કમ્પાઉન્ડ વોલનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે, જેનાથી સ્મશાનની જાળવણી વધુ સારી રીતે થઈ શકશે. **રિપોર્ટ:આશીષ વસાવડા.**



# નર્મદાના પિંડોલીમાં સુફી સંત કમાલબાબાના ત્રીજા વાર્ષિક ઉર્સની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં આવેલું પિંડોલી ગામ રવિવારે કોમી એકતા અને ભક્તિના રંગે રંગાયું હતું. સુફી સંત હજરત કમાલબાબા અને હજરત સલામત પીર બાબાની દરગાહ પર ત્રીજા વાર્ષિક ઉર્સની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરગાહ લોકો માટે અતૂટ શ્રદ્ધાનું કેન્દ્ર છે, જ્યાં લોકો પોતાની બાધા-આખડી પૂરી કરવા માટે દૂર-દૂરથી પધારે છે. દિવસની શરૂઆત ઓરા ગામેથી નીકળેલા ભવ્ય સંદલ શરીફ સાથે થઈ હતી. ઇસ્લામિક પરંપરા મુજબ દરગાહ પર ચાદરપોશી અને દુઆઓ કરવામાં આવી હતી. આ ઉર્સ માત્ર ધાર્મિક વિધિઓ સુધી સીમિત ન રહ્યો, પરંતુ શિક્ષણ અને સામાજિક ઉત્થાનનો સંદેશ પણ આપ્યો. દરગાહ કમિટી દ્વારા ઇસ્લામિક અભ્યાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોને સાયકલ, સ્કૂલબેગ અને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેની ગ્રામજનોએ સરાહના કરી હતી.

સાંજના સમયે 'આમ ન્યાઝ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો લોકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. રાત્રિના સમયે શાનદાર કવ્વાલીનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જાણીતા કવ્વાલોએ સૂફી આલાપ દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ સમગ્ર ઉત્સવ દરમિયાન સૌથી નોંધપાત્ર બાબત એ હતી કે અહીં હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયના લોકોએ ખભેખભા મિલાવીને સેવા આપી હતી. હજારોની સંખ્યામાં ઉમટેલા જાયરીનોએ એકબીજાને ઉર્સની મુબારકબાદી આપી હતી. નર્મદાના આ નાનકડા ગામે સાચા અર્થમાં 'વસુધૈવ કુટુંબકમ' અને કોમી એકતાના અનોખા દ્રશ્યો પૂરા પાડ્યા હતા. આસ્થા, ઉત્સાહ અને ભાઈચારાના ત્રિવેણી સંગમ સાથે આ વાર્ષિક ઉર્સ સંપન્ન થયો હતો.

**રિપોર્ટ : વસીમ મેમન**



**નર્મદાના પિંડોલી ગામે હજરત કમાલબાબાના ત્રીજા વાર્ષિક ઉર્સની ભવ્ય ઉજવણી કરાઈ. ઓરા ગામેથી સંદલ શરીફ નીકળી દરગાહ પર પહોંચ્યું હતું. હજારો શ્રદ્ધાળુઓની હાજરીમાં કોમી એકતાના દ્રશ્યો સર્જાયા હતા. બાળકોને ઇનામ વિતરણ અને કવ્વાલીના કાર્યક્રમો યોજાયા હતા.**